RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ મહા સુદ -૧૨ | શુક્રવાર, તા.૩૦-૦૧-૨૦૨૬ | અંક : ૭૬ વર્ષ : ૨૩ | news@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ક્યુબાને તેલ આપનારા દેશો પર ટેરિફ લાદવાની ટ્રમ્પની ચેતવણી

## ક્યુબાની કમ્યુનિસ્ટ સરકારને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો ગણાવી : અમેરિકાએ હવે કેરેબિયન દેશ સામે આર્થિક યુદ્ધ છેડ્યું

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે કેરેબિયન દેશ ક્યુબા સામે આર્થિક યુદ્ધ છેડી દીધું છે. ટ્રમ્પે એક આકરા આદેશ પર હસ્તાક્ષર કર્યા છે, જે અંતર્ગત ક્યુબાને તેલ સપ્લાય કરનારા દેશો પર ભારે ટેરિફ અને પ્રતિબંધો લાદવાની ચેતવણી આપવામાં આવી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ હેઠળ ક્યુબા વિરુદ્ધ એક કડક આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પે તેમના ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર સ્પષ્ટ શબ્દોમાં પોસ્ટ કરી છે કે, ક્યુબાને હવે કોઈ તેલ કે પૈસા નહીં જાય - ઝીરો!. આ આદેશમાં ક્યુબાની કમ્યુનિસ્ટ સરકારને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો ગણાવવામાં આવી છે. ટ્રમ્પનો આરોપ છે કે ક્યુબા રશિયા, ચીન અને ઈરાન જેવા શત્રુ દેશો સાથે મળીને હમાસ અને હિઝબુલ્લાહ જેવા આતંકી સંગઠનોને સમર્થન આપી રહ્યું છે.ટ્રમ્પના આ આદેશની અસર તુરંત જ જોવા મળી છે. મેક્સિકોએ ક્યુબાને આપવામાં આવતી તેલની સપ્લાય અસ્થાયી રૂપે રોકી દીધી છે. મેક્સિકોની રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબાઉમે આ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ નિર્ણય કોઈ અમેરિકાના દબાણને કારણે નથી લેવાયો પરંતુ વર્તમાન જરૂરિયાતો મુજબ લેવામાં આવ્યો છે. જોકે, નિષ્ણાતો માને છે કે અમેરિકા દ્વારા સંભવિત ટેરિફના ડરથી મેક્સિકોએ આ પગલું ભર્યું છે, કારણ કે મેક્સિકો ક્યુબાની તેલની જરૂરિયાતનો ૪૪% હિસ્સો પૂરો પાડતું હતું.

ક્યુબા અત્યારે ૧૯૫૯ની ક્રાંતિ પછીના સૌથી ખરાબ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. અગાઉ જાન્યુઆરી ૨૦૨૫માં વેનેઝુએલાના પૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની અમેરિકામાં ધરપકડ થયા બાદ ત્યાંથી આવતી ૩૩% તેલ સપ્લાય બંધ થઈ ગઈ હતી. હવે મેક્સિકો અને રશિયા (૧૦%) જેવા મુખ્ય સ્ત્રોતો પર પણ જોખમ હોવાથી ક્યુબામાં વીજળી કાપ, ખાદ્ય અને પાણીની તીવ્ર અછત સર્જાઈ છે. ક્યુબન રાજદ્વારીઓએ અમેરિકા પર કેરેબિયનમાં 'આંતરરાષ્ટ્રીય ડાકુગીરી' કરવાનો આરોપ લગાવ્યો છે.ટ્રમ્પે ક્યુબાને સલાહ આપી છે કે આ રાષ્ટ્ર અત્યારે નિષ્ફળતાના આરે છે અને તેમણે અમેરિકા સાથે સોદો કરી લેવો જોઈએ. અમેરિકાનું લક્ષ્ય હવાના પર આર્થિક દબાણ એટલું વધારવાનું છે.

# હાઈજેક કરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ઈન્ડિગોની ફ્લાઈટનું અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડિંગ

## કુવૈતથી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ટિસ્યુ પેપર પર ધમકીભર્યું લખાણ મળતા ફ્લાઈટ અમદાવાદ ડાયવર્ટ કરાઈ

અમદાવાદ

ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં બોમ્બ હોવાની વધુ એક ધમકી મળતા કુવૈતથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઈમરજન્સી લેન્ડિંગ કરવામા આવ્યું હતું.આ ફ્લાઈટમાં પાયલટ, ક્રુ મેમ્બર સહિત ૧૮૬ લોકો સવાર હતા.

કુવૈતથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ચિઠ્ઠી મળતા મુસાફરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સુરક્ષાના કારણોસર વિમાનને તાત્કાલિક અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરી ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

ફ્લાઈટ જ્યારે આકાશમાં હતી ત્યારે ક્રૂ મેમ્બરને ફ્લાઈટમાં ટીશ્યુ પેપર પર પ્લેનને હાઈજેક કરવાની અને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. પાયલટે તુરંત એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક કર્યો હતો અને પ્રોટોકોલ મુજબ વિમાનને સૌથી નજીકના એરપોર્ટ અમદાવાદ તરફ વાળવાનો નિર્ણય લીધો હતો. વિમાનમાં ૧૮૦ મુસાફરો અને ૦૬ ક્રૂ મેમ્બર મળી કુલ ૧૮૬ લોકો સવાર હતા.એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઈ એન. ડી. નકુમના જણાવ્યા અનુસાર, 'આ ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા વિમાનનું સંપૂર્ણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.



પર્યટન સ્થળ કોઈ માટે હરવા ફરવાનું સ્થળ તો કોઈ માટે સંશોધનનો વિષય બની શકે છે,પરંતુ આજીવિકા માટે સંઘર્ષ કરતા વ્યક્તિ માટે આ સ્થળ એક માત્ર રોજીરોટીનું સ્થાન છે.ભારતના આધ્યાત્મિક કેન્દ્ર ગણાતા વારાણસીમાં ગંગા કિનારે એક વ્યક્તિ હાથમાં ખાદ્યસામગ્રીનો જથ્થો લઈને ગ્રાહકની રાહ જોઈ રહ્યો છે.

# ગોંડલ-આટકોટ રોડ ઉપર કાર અકસ્માતમાં ત્રણનાં મોત

## ૮ ફૂટની ઊંચાઈથી પુલ નીચે ખાબકતાં ભીષણ આગ લાગી, કારમાં સવાર એક બાળક સહિત ત્રણ લોકો જીવતા ભુંજાયા

રાજકોટ

ગોંડલ-આટકોટ હાઈવે પર આજે વહેલી સવારે એક કાળજું કંપાવી દે તેવી ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ છે. મોટા માંડવા અને મોટા દડવા ગામ વચ્ચે એક કાર ૮ ફૂટની ઊંચાઈથી પુલ નીચે ખાબકતાં તેમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર એક બાળક સહિત ત્રણ લોકોને બહાર નીકળવાનો મોકો મળે તે પહેલાં જ તેઓ જીવતા ભુંજાયા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સાણથલી ૧૦૮ એમ્બ્યુલન્સમાં વહેલી સવારે કોલ આવ્યો હતો. જે મુજબ, એક હ્યુન્ડાઈ 'ઓરા' કાર પૂરઝડપે જઈ રહી હતી ત્યારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર રોડ પરથી નીચે ઉતરી જઈ પુલ નીચે ઊંધી ખાબકી હતી. કાર ઊંધી પડતા જ તેમાં શોર્ટ સર્કિટ અથવા ઈંધણ લીકેજને કારણે ભયાનક આગ લાગી હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે અંદર સવાર મુસાફરોને બારણું ખોલવાની પણ તક મળી ન હતી.

વહેલી સવારે સર્જાયેલા આ અકસ્માત પાછળ અનેક કારણોની ચર્ચા થઈ રહી છે. વહેલી સવારે હાઈવે પર છવાયેલા ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઓછી હોઈ શકે છે. ચાલકને ઊંઘનું ઝોકું આવી જતાં કાર પુલ નીચે ઉતરી ગઈ હોવાની પણ શક્યતા છે.હાલમાં પોલીસે અકસ્માત સ્થળે પંચનામું કરી મૃતકોની ઓળખ વિધિ માટેની



પ્રક્રિયા હાથ ધરી છે. કારના નંબર અને એન્જિન નંબરના આધારે માલિકની ઓળખ કરવાના પ્રયાસો ચાલુ છે.

# યુરોપિયન યુનિયને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

## નિર્ણય લેવામાં ભૂલ કરો છો : ઈરાનનો વળતો જવાબ

નવી દિલ્હી

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે, યુરોપિયન યુનિયને એક મોટો નિર્ણય લીધો છે. યુનિયનના વિદેશ મંત્રીઓએ ઈરાનની સેના, ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ નિર્ણયમાં હવે IRGC ને ઈસ્લામિક સ્ટેટ (ISIS) અને અલ-કાયદા જેવા ખતરનાક સંગઠનોની યાદીમાં શામેલ કરવામાં આવ્યું છે. આ પગલું ઈરાનના નેતૃત્વ પ્રત્યે યુરોપના બદલાતા કડક વલણને પ્રતિબિંબિત કરે છે.

ઈયુ વિદેશ નીતિના વડા કાજા કલ્લાસે આ નિર્ણયને ટેકો આપ્યો. તેણીએ સોશિયલ મીડિયા પર લખ્યું, "લોકો સામે કરવામાં આવતા અત્યાચારોનો ચોક્કસપણે જવાબ આપવામાં આવશે." તેણીએ ઉમેર્યું કે જે શાસન પોતાના હજારો લોકોની હત્યા કરે છે તે પતન પામશે. ડચ વિદેશ મંત્રી ડેવિડ વાન વીલે એમ પણ કહ્યું કે વિરોધીઓ સામે હિંસા અને ક્રૂરતા સહન કરી શકાતી નથી.

આ નિર્ણયના અનેક મોટા કાનૂની પરિણામો આવશે. હવે ઈયુ દેશો માટે IRGC ના સભ્યો પર કાર્યવાહી કરવી ખૂબ સરળ બનશે. અધિકારીઓને હવે ચોક્કસ આતંકવાદી કાવતરું સાબિત કરવાની જરૂર રહેશે નહીં; ફક્ત કોઈ સંગઠન સાથે જોડાણ હોવું એ કાર્યવાહી માટે પૂરતું હશે. વધુમાં, સંગઠનની સંપત્તિઓ સ્થગિત કરવી અને યુરોપિયન પોલીસ (યુરોપોલ) સાથે માહિતી શેર કરવી સરળ બનશે.

ઈરાને આ નિર્ણય પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ તેને એક મોટી વ્યૂહાત્મક ભૂલ ગણાવી. તેમણે કહ્યું કે જ્યારે ઘણા દેશો આ ક્ષેત્રમાં યુદ્ધ અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે યુરોપ આગમાં ઘી ઉમેરવાનું કામ કરી રહ્યું છે. તેમણે આ નિર્ણયને યુનાઈટેડ સ્ટેટ્સના દબાણ હેઠળ લેવામાં આવ્યો હોવાનું ગણાવ્યું.

# અજિત પવાર ટુક સમયમાં એનસીપીના બે જૂથને એક કરવાની તૈયારીમાં હતા

## અજિત પવારના અવસાન બાદ તેના નજીકના નેતાનો દાવો

મુંબઈ

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. ગુરુવારે બારામતીના વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં NCP વડાના સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અજિત પવારના અવસાન પછી, તેમના રાજકીય વારસા વિશે વિવિધ અટકળો ચાલી રહી છે. દરમિયાન, તેમના એક નજીકના સહયોગીએ હવે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે, જેમાં તેમણે જણાવ્યું છે કે તેઓ NCPના બે જૂથોને મર્જ કરવાની યોજના બનાવી રહ્યા હતા.સ્વર્ગસ્થ અજિત પવારના નજીકના સહયોગી કિરણ ગુજ્જરે દાવો કર્યો હતો કે તેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના બે જૂથોને મર્જ કરવા માટે ઉત્સુક હતા, અને તે નિકટવર્તી હતું. પીઢ નેતાના મૃત્યુના બે દિવસ પછી,



ગુજ્જરે ખુલાસો કર્યો હતો કે અજિત પવારે પોતે આ માહિતી તેમની સાથે શેર કરી હતી.

કિરણ ગુજ્જર ૧૯૮૦ ના દાયકાના મધ્યમાં રાજકારણમાં પ્રવેશ્યા તે પહેલાં જ અજિત પવાર સાથે સંકળાયેલા હતા. તેઓ સ્વર્ગસ્થ નેતાના નજીકના સહયોગી અને વિશ્વાસુ સહાયક હતા. હવે, કિરણ ગુર્જરે ગુરુવારે (૨૯ જાન્યુઆરી) સમાચાર એજન્સી પીટીઆઈ સાથે વાત કરતા કહ્યું કે અજિત પવારે તેમને વિમાન દુર્ઘટનાના પાંચ દિવસ પહેલા, બુધવારે (૨૮ જાન્યુઆરી) આ અંગે જાણ કરી હતી.ગુર્જરે વધુમાં કહ્યું કે તેઓ બંને જૂથોના વિલીનીકરણ માટે ૧૦૦% ઉત્સુક છે. "તેમણે મને પાંચ દિવસ પહેલા કહ્યું હતું કે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને આગામી થોડા દિવસોમાં વિલીનીકરણ થશે." એ નોંધવું જોઈએ કે તાજેતરની મ્યુનિસિપલ ચૂંટણીઓ દરમિયાન, જેમાં બંને જૂથો ગઠબંધનમાં લડ્યા હતા, અજિત પવારે પસંદગીના પત્રકારોને પણ કહ્યું હતું કે તેઓ તેમના પક્ષને એનસીપી (સપા) સાથે મર્જ કરવા માંગે છે.

# અમેરિકા હવે જપ્ત કરેલું ઓઈલ ટેન્કર વેનેઝુએલાને પરત કરશે

## વેનેઝુએલા સામે કડક કાર્યવાહી કર્યા બાદ હવે ટ્રમ્પ વહીવટી તંત્રના નિર્ણયથી વિશ્વભરના દેશો અચંબિત

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે એક અત્યંત આશ્ચર્યજનક નિર્ણય લેતા વેનેઝુએલાનું જપ્ત કરેલું ક્રૂડ ઓઈલનું ટેન્કર પરત કરવાનો આદેશ આપ્યો છે. પનામાના ધ્વજ ધરાવતા સ્/ સોફિયા (સ્/ જૌરૈક) નામના આ ટેન્કરને મુક્ત કરવાના નિર્ણયથી આખી દુનિયા ચોંકી ઉઠી છે, કારણ કે ટ્રમ્પ પ્રશાસન સામાન્ય રીતે પ્રતિબંધોના મામલે અત્યંત કડક વલણ માટે જાણીતું છે.



અહેવાલો અનુસાર, સાતમી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યુએસ કોસ્ટ ગાર્ડ અને લશ્કરી દળોએ સમુદ્રમાં ઓપરેશન કરીને સ્/ સોફિયાને અટકાવ્યું હતું. તે સમયે અમેરિકાએ આ જહાજને "રાજ્યવિહીન" અને "ડાર્ક ફ્લીટ" (પ્રતિબંધો ચોરી છૂપીથી તોડતું જહાજ) ગણાવ્યું હતું. આરોપ હતો કે આ ટેન્કર વેનેઝુએલાના પ્રતિબંધિત ક્રૂડ ઓઈલની ગેરકાયદે હેરાફેરીમાં સામેલ હતું. વર્ષ ૨૦૨૫ના અંતથી અત્યાર સુધી અમેરિકાએ વેનેઝુએલાના આવા ૭ ટેન્કરો જપ્ત કર્યા છે, જેમાંથી 'સોફિયા' પરત કરાયેલું પ્રથમ જહાજ છે.અમેરિકી અધિકારીઓએ હજુ સુધી એ સ્પષ્ટ કર્યું નથી કે આટલી કડક કાર્યવાહી બાદ અચાનક જહાજ પરત કરવાનો નિર્ણય શા માટે લેવાયો. આ અંગે અનેક અટકળો લગાવાઈ રહી છે. શું અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે પડદા પાછળ કોઈ મોટી સમજૂતી થઈ છે? શું વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના વધતા ભાવોને કાબૂમાં લેવા અમેરિકા વેનેઝુએલા પ્રત્યે વલણ નરમ કરી રહ્યું છે? શું જહાજમાં રહેલા ક્રૂડ ઓઈલના જથ્થા કે માલિકી હક બાબતે કોઈ કાયદાકીય ગૂંચ ઉભી થઈ હતી?

જો અમેરિકા વેનેઝુએલા પરના પ્રતિબંધો હળવા કરે, તો વૈશ્વિક ઓઈલ સપ્લાય ચેઈનમાં મોટો ફેરફાર આવી શકે છે. વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો તેલ ભંડાર છે, પરંતુ અમેરિકન પ્રતિબંધોને કારણે તે લાંબા સમયથી આર્થિક સંકટમાં છે. હાલમાં એ પણ સ્પષ્ટ નથી કે પરત કરવામાં આવેલું આ જહાજ તેલથી ભરેલું છે કે ખાલી. પરંતુ આ એક પગલાએ વોશિંગ્ટન અને કારાકાસ વચ્ચેના સંબંધોમાં નવી દિશાના સંકેત આપ્યા છે.

# રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતનાએ મહાત્મા ગાંધીને અર્પી શ્રધ્ધાંજલિ

નવી દિલ્હી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીની પુણ્યતિથિ પર રાજઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. આ દરમિયાન બધાએ બાપુના વિચારોને યાદ કર્યા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજઘાટની મુલાકાત લીધી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ અને કેન્દ્રીય મંત્રી મનોહર લાલ પણ પ્રધાનમંત્રી સાથે હાજર રહ્યા હતા. તેમણે મહાત્મા ગાંધીની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી અને તેમના વિચારોને યાદ કર્યા. આ સમયગાળા દરમિયાન દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું, "રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ. આદરણીય બાપુએ હંમેશા સ્વદેશી પર ભાર મૂક્યો, જે વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના આપણા સંકલ્પનો પાયો પણ છે. તેમનું વ્યક્તિત્વ અને કાર્ય હંમેશા આપણા દેશવાસીઓને ફરજના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપશે.

# વેચાણ કરારથી સરકારી જંગલની જમીન પર અધિકાર નહીં : હાઈકોર્ટ

## રજિસ્ટર્ડ વેચાણ કરારના આધારે ગીર જંગલના જસાધાર રેન્જમાં આવેલી જમીન પર કબજો હોવાનો દાવો અરજદારે કર્યો હતો

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે સરકારી જંગલ જમીનનો ભાગ બનેલી જમીનના વેચાણ કરારથી કોઈ અધિકાર કે માલિકી હક થઈ જતો નથી. આવા કરારના આધારે દાવો કરાયેલો કબજો રાજ્ય સામે ટકી શક્તો નથી. જસ્ટિસ જે. સી. દોશીએ વર્ષ ૨૦૦૪માં સિવિલ પ્રોસિજર કોડની કલમ ૧૦૦ હેઠળ ૩૦મી માર્ચ ૧૯૬૫ના રોજ રજિસ્ટર્ડ વેચાણ કરારના આધારે ગીર જંગલના જસાધાર રેન્જમાં આવેલી જમીન પર કબજો હોવાનો દાવો અરજદારે કર્યો હતો. આ જમીન મૂળ વસાહતીને વન વસાહત હેઠળ લીઝહોલ્ડ જમીન તરીકે આપવામાં આવી હતી. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે, વેચાણ કરાર મૂળ વસાહતીના વારસદાર હોવાનો દાવો કરનારા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જમીનનો કબજો કરાર અનુસાર સોપવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા કબજો રદ કરવાની ધમકી આપતા અરજદારે કાયમી મનાઈ હુકમ માગતો દાવો દાખલ કર્યો હતો. ત્યારબાદ જમીન અંગેના વન વિભાગ દ્વારા પસાર કરાયેલા આદેશને પડકારવા અરજદારે તેની ફરિયાદમાં સુધારો કર્યો હતો.

જોકે, ટ્રાયલ કોર્ટે આ દાવો ફગાવી દીધો હતો. જેને પ્રથમ અપીલ કોર્ટે પણ સમર્થન આપ્યું હતું.

ત્યારબાદ અરજદારે બીજી અપીલ હાઈકોર્ટમાં કરી હતી. હાઈકોર્ટ સમક્ષ એ મામલો આવ્યો હતો કે શું અરજદાર વેચાણ કરારના આધારે જંગલની વસાહતી જમીન સંબંધિત રાજ્ય સામે કોઈ હકનો દાવો કરી શકે છે અથવા કબજાનું રક્ષણ માગી શકે કે કેમ. કોર્ટે આ કેસમાં એવી ચકાસણી પણ કરી હતી કે, શું આવી પરિસ્થિતિઓમાં મિલકત ટ્રાન્સફર કાયદાની કલમ ૫૩૪ લાગુ કરી શકાય છે અને શું બીજી અપીલમાં વિચારણા માટે કાયદાનો કોઈ મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો થયો છે કે કેમ આ તમામ મુદ્દાનું મૂલ્યાંકન કર્યા બાદ હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, અરજદાર વિવાદિત જમીનના સંદર્ભમાં કોઈપણ કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવો અધિકાર સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા છે.

# વેન્ડરના નામે કંપનીને ફેક ઈમેઈલ મોકલી ઠગબાજોએ ૧૦.૮૦ લાખનો ચૂનો લગાવ્યો

ગાંધીનગર,

ગાંધીનગરના સાંતેજ સ્થિત એક ફાર્મા અને ફૂડ્સ કંપની સાથે ઈમેઈલ આઈડીમાં ફેરાફાર કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા ગઠિયાઓએ કંપનીના સત્તાવાર વેન્ડરના નામે ખોટો ઈમેઈલ કરી કુલ રૂ .૧૦.૮૦ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લેતા ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગૂનો નોંધવામાં આવ્યો છે.

કલોલ ખાતે રહેતા પવન સાહેબરાવ વાઘ સાંતેજમાં આવેલી શ્રી એડિટિવ્સ ફાર્મા એન્ડ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડમાં ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમણે આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ કંપનીના નંદાસણ યુનિટના સેટઅપ માટે મુંબઈની ડિઝાઇન સંયોજક નામની ફર્મ સાથે કામકાજ ચાલતું હતું.

આ ફર્મના બાકી પેમેન્ટ માટે કંપનીના ફાઈનાન્સ ડાયરેક્ટર નીરાલીબેન પટેલ સાથે ઈમેઈલ પર વાતચીત ચાલી રહી હતી. દરમિયાન ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અસલ વેન્ડર જેવા જ દેખાતા ખોટા ઈમેઈલ આઈડી પરથી નીરાલીબેનને મેઈલ મળ્યો હતો. જેમાં જણાવાયું હતું કે ડિઝાઇન સંયોજક ફર્મનું બેંક એકાઉન્ટ હાલમાં ઓડિટમાં હોવાથી પેમેન્ટ અન્ય ખાતામાં કરવાનું રહેશે.

બાદમાં ગઠિયાઓએ શ્રી નમો એન્ટરપ્રાઈઝના નામે પંજાબ નેશનલ બેંકની વિગતો મોકલી આપી હતી અને કંપનીએ આ વિગતો સાચી માનીને ઈ્જ્જી દ્વારા ૧૦ લાખ ૮૦ હજાર ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે દિવાળીની રજાઓ બાદ આસિસ્ટન્ટ મેનેજર પવન વાઘે વેન્ડર કંપનીના મેનેજર શ્રીધર દદનાલા સાથે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે, તેમણે આવો કોઈ ઈ-મેઈલ મોકલ્યો નથી કે તેમનું કોઈ એકાઉન્ટ ઓડિટમાં નથી.

જે અંગે ઊંડાણ પૂર્વક તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે ઠગબાજોએ કંપનીના અને વેન્ડરના નામને મળતા આવતા અનેક ફેક ઈમેઈલ આઈડી બનાવ્યા હતા. ગઠિયાઓએ પેમેન્ટ મળ્યાના બીજા જ દિવસે એટલે કે ૧૬ ઓક્ટોબરના રોજ ચેક દ્વારા તમામ રકમ ઉપાડી લીધી હતી. આ મામલે સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર જાણ કર્યા બાદ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# મિલકત ખરીદ્યા બાદ રેવન્યુ રેકર્ડમાં નામ ચડાવવાની પ્રક્રિયામાં થશે મોટો ફેરફાર

**મહેસૂલ વિભાગે સામાન્ય જનતા પાસે મંગાવ્યા સૂચનો**




ગાંધીનગર,

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જમીન અને મિલકતના દસ્તાવેજ થયા બાદ રેવન્યુ રેકર્ડમાં પડતી વેચાણ નોંધ' (Property Mutation Entry) ની પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને ભૂલરહિત બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયામાં કયા પ્રકારના સુધારા કરવા જોઈએ તે માટે સરકારે રાજયના પ્રજાજનો પાસેથી મંતવ્યો અને મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, કોઈપણ નાગરિક મિલકત હસ્તાંતરણ અને વેચાણ નોધની હાલની પ્રક્રિયામાં અનુભવાતી મુશ્કેલીઓ અને તેના ઉકેલ માટેના સૂચનો સરકારને મોકલી શકે છે. આ સૂચનોના આધારે આગામી સમયમાં મહેસૂલી નિયમોમાં ફેરફાર કે નવા પરિપત્રો બહાર પાડવામાં આવશે.

# બળાત્કાર-POCSOના કેસમાં ૬૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે

## મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ વિભાગનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર,

રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ) વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર હવેથી બળાત્કાર અને પોક્સો હેઠળના તમામ ગુનાઓની તપાસ ફરજિયાતપણે ૬૦ દિવસની અંદર પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરવાની રહેશે. ગુજરાત રાજયમાં મહિલાઓ અને સગીર બાળાઓ સામે થતા જાતીય અપરાધોને રોકવા અને પીડિતોને ઝડપી ન્યાય અપાવવા માટે પોલીસ વિભાગે કમર કસી છે. સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ) વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકોને કડક સૂચના આપવામાં આવી છે કે મહિલા અને સગીર બાળા પરના બળાત્કારના ગુનાઓમાં હવેથી વધુમાં વધુ ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ કરવાની રહેશે. નવા ફોજદારી કાયદા (BNSS) હેઠળ મહિલા સુરક્ષા માટે CID ક્રાઈમનો કડક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ હેઠળ તપાસની ગુણવત્તામાં સુધારો કરવા માટે આ પગલું લેવાયું છે. કલમ ૧૯૩(૨) મુજબ જાતીય અપરાધોની એફ.આઈ.આર. નોંધાયાના બે મહિનાની અંદર તપાસ પૂર્ણ કરવી હવે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી માટે કાયદેસરની જવાબદારી બની ગઈ છે. રાજયના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓને આ બાબતે રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવા સૂચના અપાઈ છે. ડિજિટલ પુરાવા અને ફોરેન્સિક પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. જેથી હવે ગુનાની સાબિતી માટે માત્ર નિવેદનો પૂરતા નહીં રહે. સાત વર્ષથી વધુની સજા હોય તેવા ગુનામાં ફોરેન્સિક નિષ્ણાતોની મુલાકાત અનિવાર્ય છે. ગુનાની તપાસની સમગ્ર પ્રક્રિયા અને પુરાવા એકત્ર કરવાની વિધિની વીડિયોગ્રાફી કરવી પડશે. જેથી કોર્ટમાં પુરાવા સાથે છેડછાડની શક્યતા ન રહે. આ સિવાય રાજયના તમામ પોલીસ મથકોએ ઈ-એ્વ્દ્રર્ઝ પ્લેટફોર્મ પર કેસની વિગતો સમયસર અપડેટ કરવી પડશે. આ ડેટા સીધો

# ગેરકાયદે રેતી ભરી જતાં પાંચ ડમ્પર ઝડપાયા

## મહેસાણાના નુગર અને ઊંઝા રોડ પરથી દોઢ કરોડના મુદ્દામાલ જપ્ત કર્યો, ૨ લાખનો દંડ વસૂલી ત્રણ ડમ્પર છોડી મુક્યા

મહેસાણા,

મહેસાણા શહેરના સીમાડા પરના નુગર સર્કલ પાસેથી ખાણ ખનીજ વિભાગે ગેરકાયદે રેતી ચોરી જતાં ત્રણ ડમ્પર ઝડપી લીધાં હતા. તેવી જ રીતે ઊંઝા રોડ પરથી અનધિકૃત રેતી ખનિજ ભરી જતાં બે ડમ્પર ગાડી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. આશરે દોઢેક કરોડ રૂપિયાના મુદ્દામાલને જપ્ત કરી ખનિજ અધિકારીઓએ ત્રણ વાહન માલિકો પાસેથી અંદાજીત બે લાખ રૂપિયાના દંડની વસૂલાત કરી ત્રણે ડમ્પર છોડી મૂક્યા હતા.

મહેસાણા શહેરના છેવાડા પર આવેલાં નુગર સર્કલ નજીક સ્થાનિક ભૂસ્તર અધિકારીઓ પેટ્રોલિંગ કરી રહ્યાં હતા. તે દરમિયાન રોયલ્ટી પરમીટ વગર સાદી રેતી ભરી જતાં ત્રણ ડમ્પરને ઝડપી પાડી નજીકના સ્ટોક યાર્ડમાં મુકાવી દીધાં હતા. જેમાં એક ડમ્પરમાં રોયલ્ટી પરમીટ વગર રેતી ખનિજ અને બે ડમ્પરમાં ઓવરલોડ રેતીનો જથ્થો ભર્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ત્રણેય ડમ્પર ગાડીને સ્ટોક યાર્ડ ખાતે મુકાવી દઈ તેના વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.દંડ ફટકારી તેની ઓનલાઈન રિકવરી આકી ભૂસ્તર ટીમે આશરે દોઢેક કરોડનો મુદ્દામાલ કબજે લઈ ઓવરલોડ રેતી ભરેલાં બે ડમ્પરના માલિકો પાસેથી રૂ.૧.૩૮ લાખનો દંડ વસૂલી બંને વાહનોને મુક્ત કર્યા હતા.

# અમદાવાદમાં સિવિક સેન્ટરમાં આધારકાર્ડ કાઢી આપવા ૩૨ હજારની લાંચ લેતા ત્રણ ઝડપાયા

## એસીબીએ ત્રણેય શખ્સની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલા સિવિક સેન્ટર ખાતે આધાર કાર્ડ કઢાવી આપવાના બહાને રૂ.૩૨,૦૦૦ની લાંચ માંગવા અને સ્વીકારવા બદલ એન્ટી કરપ્શન બ્યુરોએ ત્રણ શખ્સની ધરપકડ કરી છે.

કેસમાં ફરિયાદ કરનાર ૩૬ વર્ષીય વ્યક્તિને લોન લેવા માટે તાત્કાલિક આધાર કાર્ડની જરૂર હતી. જોકે, તેમની પાસે આધાર કાર્ડ માટે અનિવાર્ય એવું જન્મનું પ્રમાણપત્ર નહોતું.

નિયમ મુજબ જન્મના દાખલા વગર નવું આધાર કાર્ડ નીકળી શકે નહીં, પરંતુ સિવિક સેન્ટરના સ્ટાફ દ્વારા એવી લાલચ આપવામાં આવી હતી કે જો તેઓ પૈસા આપે, તો જન્મના દાખલા કે એલ.સી. (LC) વગર પણ કાર્ડની પ્રક્રિયા 'મેનેજ' કરી આપવામાં આવશે. આ કામ માટે આરોપીઓએ કુલ રૂ. ૩૨,૦૦૦ની માંગણી કરી હતી.

ભાગ્યેશ સોલંકી નામના શખ્સે લાંચની માંગણી કરી હતી. ત્યારબાદ જય પંચોલી અને સંદીપ નામના શખ્સોએ આ રકમ સ્વીકારી હતી. ફરિયાદ મળતા જ એસીબીએ છટકું ગોઠવ્યું હતું અને આ ત્રણેય શખ્સોને રંગેહાથ લાંચ લેતા ઝડપી પાડ્યા હતા.હાલમાં આ કૌભાંડમાં અન્ય કોઈ અધિકારીઓ કે એજન્ટો સામેલ છે કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે.

# વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિ.માં એબીવીપી કાર્યકરોનો ભારે હોબાળો

## કુલપતિની ચેમ્બરને તાળાબંધી કરી નારા લગાવ્યા

આણંદ,

રાજકીય પક્ષ પ્રેરિત વિદ્યાર્થી સંગઠન એબીવીપી, આણંદના કાર્યકર્તાઓ દ્વારા શિક્ષણનગરી વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીને બે કલાક સુધી બાનમાં લઈ રામધૂન સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કરવામાં આવતા યુનિવસટીની કામગીરીમાં ખલેલ પહોંચી હતી. એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા કુલપતિની ચેમ્બરને તાળાબંધી પણ કરવામાં આવી હતી. તેમજ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર યુનિવર્સિટી ખાતે આવતા પ્રવેશ દ્વાર પાસે દરવાજા બંધ કરી તેઓને અટકાવવામાં આવતા રજિસ્ટ્રારે પરત જવાની ફરજ પડી હતી.

રાજકીય પક્ષ પ્રેરિત એબીવીપી વિદ્યાર્થી સંગઠન દ્વારા ૧૫ દિવસ પૂર્વે પીએચડીની પ્રવેશ પ્રક્રિયા અને યુનિવર્સિટી સંલગ્ન વિવિધ હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓને પડતી અગવડોને લઈ યુનિવર્સિટીમાં રજૂઆત કરવામાં આવી હતી. બાદમાં ગુરૂવારે બપોરે એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટીને બાનમાં લેતા લગભગ બે કલાક સુધી હોબાળો મચાવ્યો હતો. યુનિવર્સિટીના કુલપતિને મળવાની માંગ સાથે સૌ પ્રથમ એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટીના પ્રવેશદ્વાર ખાતે ધરણાં કરી રામધૂન યોજી હતી. લગભગ અડધો કલાક સુધી પ્રદર્શન કરવા છતાં યુનિવસટીના કુલપતિ ન આવતા જોશમાં આવી ગયેલા વિદ્યાર્થીઓ કુલપતિની ચેમ્બર સુધી ધસી ગયા હતા, જ્યાં તેઓએ ચેમ્બરને તાળાબંધી કરી રામધૂન સાથે ભારે સૂત્રોચાર કર્યો હતો.

# કરજણ હાઈવે પર ટ્રક પાછળ ખાનગી બસ ટકરાતા બે મુસાફરોના મોત

## બસમાં ફસાયેલા મુસાફરોને પતરા કાપીને બહાર કાઢવામાં આવ્યા

વડોદરા,

વડોદરા જિલ્લાના કરજણ નજીક નેશનલ હાઈવે-૪૮ પર આજે વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઔરંગાબાદથી અમદાવાદ તરફ જઈ રહેલી ખાનગી બસ કરજણના ધાવટ ચોકડી બ્રિજ પાસે સાઈડમાં ઉભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ૨ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નીપજયા છે, જયારે ૧૦થી વધુ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.


અકસ્માત એટલો ભિષણ હતો કે, બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો અને ૨૫ થી વધુ મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. કરજણ ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક પહોંચીને બસના પતરા કાપીને લોકોને બહાર કાઢ્યા હતા. બસમાં ફસાયેલા મૃતદેહો અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા.

ઘટનાની જાણ થતા જ કરજણ પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલિંગની ટીમ દોડી આવી હતી. ૧૦ જેટલા ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કરજણ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અજાણ્યા વાહન ચાલક કે બેદરકારી અંગે તપાસ શરૂ કરી છે. આ અકસ્માતને પગલે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જે પોલીસે હટાવીને વાહન વ્યવહાર પૂર્વવત કર્યો હતો.

# ગુજરાતના પુર્વ ધારાસભ્યોને પેન્શન મળે તે માટે લડત ચલાવાશે

ગાંધીધામ,

રાજયના પુર્વ ધારાસભ્યોની તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી કાઉન્સીલની બેઠકમાં વિવિધ બાબતો અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજયના પુર્વ નાણામંત્રી અને રાપરના પુર્વ ધારાસભ્ય બાબુભાઈ મેઘજી શાહે અધ્યક્ષ સ્થાનેથી સ્વાગત પ્રવચન આપતા કહ્યું હતું કે પુર્વ ધારાસભ્યોએ રાજયના વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપ્યું છે. મહામંત્રી ભીખાભાઈ પાબારીએ સંચાલન કર્યું હતું. જેમાં ગુજરાતના પુર્વ ધારાસભ્યોને દેશના અન્ય રાજયોની જેમ પેન્શન અને અન્ય સુવિધાઓ આપવા અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા



કરવામાં આવી હતી. ભરતભાઈ બારોટ( અમદાવાદ) , ધીરૂભાઈ ગજેરા (ઊસુરત ) પરબત ચાવડા ( જુનાગઢ), ડો. નિર્મલા વાસવાણી (અમદાવાદ), પુષ્પદાન ગઢવી (કચ્છ), જશુબેન કોરાટ (જેતપુર), મુળરાજસિંહ પરમાર (ગાંધીનગર), કરશનજી ઠાકોર, (મહેસાણા), પ્રો.શંકર રાઠવા, કેશાજી ઠાકોર, લક્ષ્મણ ભાઈ પટ્ટણી વિગેરેએ મંતવ્યો આપી પેન્શન અંગે સહમતી આપી હતી. પુર્વ ધારાસભ્ય વાલજીભાઈ દનીચાએ જણાવ્યું હતું કે પેન્શન મેળવવા તથા અન્ય રાજયોમાં મળતા પેન્શન અને અન્ય સુવિધાઓ છે તેના વિવિધ લેખીત પુરાવા સાથે રજુઆત કરવામાં આવી રહી છે. પેન્શન મેળવવા માટે લડત ચલાવવા માટે બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાતના પુર્વ ધારાસભ્યો આજે પણ સક્રીય રહીને રાજફના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે અને આપશે તેવું જણાવ્ફું હતું. બેઠકમાં કનુભાઈ, અરવિંદ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, દિપસિંહ રાઠોડ, શિવજીભાઈ આહીર, મહેશકુમાર પટેલ, જશુભાઈ પટેલ, જયસિંહ ચૌહાણ, મહેન્દ્રસિંહ રહેવાર, ગોવિંદ માધવ, રમીલાબેન દેસાઈ, ટપ્પુભાઈ લિંબેસીયા, દિલુભા ચુડાસમા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આરંભમાં દિવંગત ધારાસભ્યોને અંજલિ અપાઈ હતી.

# ગુજરાતમાં સહકારી મંડળીઓની ચૂંટણી ૬ મહિના માટે સ્થગિત

ગાંધીનગર,

ગાંધીનગર ખાતેથી ગુજરાતના સહકારી ક્ષેત્ર (Coope®aive Sector) સાથે જોડાયેલા લાખો લોકો અને રાજકીય આગેવાનો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઇને નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી ૬ મહિના સુધી સ્થગિત (Postponed) કરી દીધી છે.

રાજ્યમાં ચાલી રહેલી 'SIR' (Special Investment Region) ની કામગીરીને ધ્યાનમાં રાખીને વહીવટી સરળતા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં SIR ની અત્યંત મહત્વપૂર્ણ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર (Revenue Department) અને વહીવટી સ્ટાફ સંપૂર્ણપણે રોકાયેલો છે. આવી સ્થિતિમાં સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું વ્યવહારિક રીતે મુશ્કેલ હોવાથી, સરકારે ચૂંટણીઓ ન યોજવાનો નિર્ણય લીધો છે.

સરકારે આ અંગે સત્તાવાર જાહેરનામું (NOification) પણ બહાર પાડી દીધું છે. જે મુજબ, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી ચૂંટણીઓ યોજવામાં આવશે નહીં. આ નિર્ણયનો અમલ તાત્કાલિક અસરથી શરૂ થઈ જશે, જેથી વહીવટી તંત્ર પરનો બોજ હળવો કરી શકાય અને તેઓ જીંઇ ની કામગીરીમાં ધ્યાન આપી શકે.

કાયદાકીય દ્રષ્ટિએ જોઈએ તો. 'ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧' (Guja®a Coope®aive Sociªies Act, 1961) ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાની રૂએ આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંતર્ગત મંડળીઓને કલમ-૭૪ (C) અને કલમ-૧૪૫ (છ) થી (ઢ) સુધીની જોગવાઈઓમાંથી કામચલાઉ મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય રાજ્યની એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓને લાગુ પડશે જેની ચૂંટણી પ્રક્રિયા (Election Process) હાલ ચાલુ છે અથવા આગામી ટૂંક સમયમાં યોજાવાની હતી. એટલે કે, જે મંડળીઓમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો હતો. ત્યાં હવે બ્રેક લાગી જશે અને ઉમેદવારોએ રાહ જોવી પડશે.

જોકે, સરકારે આ આદેશમાં એક મહત્વનો અપવાદ (Exception) પણ રાખ્યો છે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે સહકારી મંડળીઓની ચૂંટણી અંગે નામદાર હાઈકોર્ટ કે અન્ય કોર્ટ (Court Order) નો હુકમ હોય અથવા ન્યાયિક પ્રક્રિયા હેઠળ ચૂંટણી યોજવાનો આદેશ હોય, તેવી મંડળીઓને આ મુક્તિ લાગુ પડશે નહીં. ત્યાં ચૂંટણી રાબેતા મુજબ યોજાશે.

આ નિર્ણયને કારણે હાલ પૂરતું રાજ્યનું સહકારી રાજકારણ શાંત પડશે. હવે આગામી છ મહિના સુધી ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓ બંધ રહેશે, અને વહીવટી તંત્ર સંપૂર્ણપણે SIR ના પ્રોજેકટ અને અન્ય વિકાસના કામો પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

# માં અન્નપૂર્ણા યોજના હેઠળ NFSA રેશનકાર્ડ ધારકોએ સાત દિવસમાં e-KYC કરાવી લેવું

## હજુ ઝોનલ-૧માં ૫.૩૮%, ઝોનલ-૨માં ૮.૩૨% અને ઝોનલ-૩માં ૮.૩૧% રેશનકાર્ડધારકોના કુટુંબોના સભ્યો દ્વારા e-KYC કરવામાં આવેલ નથી

ભાવનગર,તા.૩૦

“માં અન્નપુર્ણા યોજના" - રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અગ્રતા ધરાવતા કુટુંબોની યાદી(NFSA)માં રેશનકાર્ડ ધારકોએ સરકારશ્રીની સુચના મુજબ ઈ-કેવાયસી નહિ કરાવેલ બાકી રહેલ સભ્યોના e-KYC સાત દિવસમાં પૂર્ણ કરવા અપીલ કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા સાચા લાભાર્થીઓની ઓળખ માટે લાભાર્થીઓના રેશનકાર્ડને આધાર નંબર સાથે સીડ કરી સાચા અને તે જ વ્યકિતના આધાર નંબરો સીડ થાય તે માટે ૧૦૦%ી-દ્વરૂઝ કરવા જણાવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ MCA No.94/2022 in SMW(c) No.6/2020 કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના તા.૧૧/૧૨/૨૦૨૩ ના હુકમથી દરેક રેશનકાર્ડ લાભાર્થીઓનું e-KYC કરવા સુચના થયેલ હોઈ, વ્યાજબી ભાવના દુકાનદાર, મહેસુલી તલાટીઓ, સહિતના કર્મચારીઓ દ્વારા તેમજ અલગ-અલગ વોટસએપ ગૃપો મારફતે સોશ્યલ મિડિયા મારફતે બહોળી પ્રસિધ્ધિ કરી ભાવનગર શહેરના અલગ-અલગ વિસ્તારોમાં e-KYC કેમ્પનું આયોજન કરી e-KYC કરાવવા જાણ કરેલ છે. આજ દિન સુધીમાં ઝોનલ-૧ માં ૫.૩૮%, ઝોનલ-૨ માં ૮.૩૨% અને ઝોનલ-૩ માં ૮.૩૧% રેશનકાર્ડધારકોના કુટુંબોના સભ્યો દ્વારા e-KYC કરવામાં આવેલ નથી. આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની છે. જેથી ૦ થી ૫ વર્ષના બાળકો તથા ૭૦ વર્ષથી વધારે ઉંમરની વ્યકિતઓના ટેકનીકલ કારણોસર ઈ-કેવાયસી થતાં ન હોઈ તે સિવાયના તમામ એન.એફ.એસ.એ. રેશનકાર્ડધારકના કુટુંબના સભ્યો કે જેઓએ e-KYC કરાવેલ ન હોય તે તમામએ દિન-૭ માં આપને લગત (૧) ઝોનલ કચેરી-૧, મોતીબાગ ટાઉન હોલ પાસે, ભાવનગર (૨) ઝોનલ કચેરી-૨, કલેકટર કચેરી, ભાવનગર (૩)ઝોનલ કચેરી-૩, તાલુકા મામલતદાર કચેરી, વિદ્યાનગર, આઈ.ટી.આઈ.પાસે, ભાવનગર ખાતે દિન-૭માં અસલ રેશનકાર્ડ, આધારકાર્ડ અને આધારકાર્ડમાં લિંક કરેલ મોબાઈલ સાથે રૂબરૂ હાજર રહી e-KYC કરાવવા સીટી મામલતદાર ભાવનગર દ્વારા અપીલ કરવામાં આવે છે.

# PNR સોસાયટી ખાતે ૧ ફેબ્રુઆરીએ યોજાશે લોકાર્પણનો ત્રિવિધ કાર્યક્રમ

## પૂ.સ્વામીની સદવિદ્યાનંદા સરસ્વતિજી, પદ્મશ્રી ડો.જગદીશભાઈ ત્રિવેદી સહિતની ઉપસ્થિતિમાં દાતા લીલા ગ્રુપ ઓફ ભાવનગરના કોમલકાંત શર્માનું કરાશે સન્માન

ભાવનગર,તા.૩૦

તા ૧ને રવિવારે સવારે ૧૦ કલાકે PNR સોસાયટી, નટરાજ કોલેજ કેમ્પસ, ભાવનગર ખાતે લોકાર્પણ, બહુમાન અને સાધન સહાયનો કાર્યક્રમ યોજાશે જેમાં સભારંભના મુખ્ય અતિથિ પ.પૂ.સ્વામીની સદવિદ્યાનંદા સરસ્વતિજી (વેદાંત અને સંસ્કૃત વ્યાકરણના વિદુષી), અતિથિ વિશેષ પદ્મશ્રી ડો.જગદીશભાઈ ત્રિવેદી (હાસ્યકલાકાર અને સમાજ સેવક) ઉપસ્થિત રહેશે.

સંસ્થાના ફાઉન્ડર અનંતભાઈ શાહ, પ્રમુખ કૃષ્ણકાન્તભાઈ ચિત્તલિયા, મહામંત્રી પારસભાઈ શાહ અન્ય ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગ બાળકો અને વાલીઓની ઉપસ્થિતિમાં, મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાકટ્યથી પ્રવિણચંદ્ર દલાલ રિહેબિલિટેશન સેન્ટર જ્યોતિબેન દલાલ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, મનિકા પ્લાસ્ટ સોલાર સિસ્ટમ, રાધાકૃષ્ણ ગાર્ડન, આઉટડોર કિચન તથા બચપન કોર્પસ ફંડનું ઉદ્દઘાટન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ઉદારદિલ દાતા કોમલકાન્ત શર્મા, (લીલા ગ્રુપ ઓફ ભાવનગર) અને સંજયભાઈ મહેતા (પ્રિયા ગ્રુપ ઈન્ડસ્ટ્રિઝ) તથા અન્ય મહાનુભાવોનું સન્માન તથા સાધન સહાય વિગેરે અર્પણ કરાશે.

# શિવકુંજ ધામમાં યોજાશે બીજો પાટોત્સવ ૩૨મી યુવા વિદ્યાર્થી આધ્યાત્મિક શિબિર

## પૂ. મોરારીબાપૂ સહીત સંતો રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહેશે

ભાવનગર,તા.૩૦

શિવકુંજ ધામમાં તા. ૩૧ જાન્યુઆરી અને ૧ અને ૨ જી ફેબ્રુઆરી દરમિયાન દર વર્ષે યોજાતી અને ૩૨મી આધ્યાત્મિક વિદ્યાર્થી યુવા શિબિરનું આયોજન પૂ. સંત સીતારામ બાપૂની પ્રેરણા અને સંકલ્પથી કરવામાં આવેલ છે.

શિબિરના પ્રારંભે ૩૧ને શનિવારે સૌપ્રથમ હનુમાન ચાલીસા અને સુંદરકાંડનો પાઠ પૂજ્ય સંત રામેશ્વરાનંદમયી માતાજી અને પૂજ્ય વરુણાનંદમયી માતાજી તથા શિબિરાર્થિઓના દ્વારા યોજાશે બપોરના સત્રમાં બાઢડા સનાતન આશ્રમના સંત જ્યોર્તિમયીમાં અને શિવ દરબાર આશ્રમ કાના તળાવના સંત ઉષા મયીમાના વરદ હસ્તે તેમજ સંતોની ઉપસ્થિતિમાં પૂ.સીતારામબાપુ દ્વારા દીપ પ્રાગટ્યથી શિબિરની શુભ શરૂઆત થશે .પ્રારંભે શિબીર કથન અને સ્વાગત ડો. જે.પી. મૈપાણી દ્વારા કરવામાં આવશે .ડો. રવિન્દ્ર ખાંડવાલા - અધ્યક્ષ શ્રી સંસ્કૃત વિભાગ એચ . કે આર્ટસ કોલેજ અમદાવાદ અને ડો. પ્રો. જાગૃતીબેન પટેલ, ડો. વસંત પરીખનાં વ્યાખ્યાન યોજાશે .

બીજા દિવસે ૧-૨ને રવિવારે સવારના સુંદરકાંડ, હનુમાન ચાલીશા પાઠ બાદ ડો. પ્રોફેસર રજનીભાઈ પટેલ અને ડો.પ્રો. બલભદ્રસિંહ ચુડાસમા પ્રિન્સિપાલ મહિલા કોલેજ ભાવનગરના વ્યાખ્યાન યોજાશે તેમજ આ પ્રસંગે કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ કાયદા અને ઉર્જા વિભાગના રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ ઉપસ્થિત રહેશે ત્રીજા દિવસે તા.૨ ને સોમવારે સુંદરકાંડ યજ્ઞ બાદ શિબિર સમાપન પ્રસંગે મોરારીબાપુ દીક્ષાંત આશીર્વાદ માટે પધારશે અને સંસ્કૃતનાં વિદ્વાન ડો.ગૌતમભાઈ પટેલ અધ્યક્ષ સંસ્કૃત સેવા સમિતિનું પ્રવચન રહેશે જયારે પૂજ્ય સીતારામ બાપુના દિક્ષાંત આશીર્વાદ પણ પ્રાપ્ત થશે.શિક્ષક ઘનશ્યામભાઈ રમણાના માર્ગદર્શન હેઠળ શિબિરાર્થિઓ શિબિરમાં જોડાશે શિબિરમાં ઉદ્દઘોષક તરીકે નરેશભાઈ જાની રહેશે.મહા વદ ૧ને સોમવારે શિવકુંજ ધામે પ્રતિષ્ઠિત દેવોનો બીજો પાટોત્સવ પંચકુંડી યજ્ઞ સાથે સંપન્ન થશે.શિબિરમાં ૧ દિવસ રકતદાન કેમ્પ પણ યોજાશે.

# ભાવનગરના ચંપારણ્ય ધામ ખાતે ચાલી રહેલી ભાગવત કથામાં 'નંદ ઉત્સવની ભવ્ય ઉજવણી

## પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજ દ્વારા અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળાનાં હોસ્ટેલ પ્રોજેકટ માટે.૫૧ હજારનું દાન

ભાવનગર,તા.૩૦

શહેરના ચંપારણ્ય ધામ ખાતે ભાવનગર મોઢ વણિક સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના ચોથા દિવસે ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. પૂજ્ય દ્વારકેશલાલજી મહોદયનાં શ્રીમુખે વહેતી કથામાં ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રાગટ્યના પ્રસંગે ‘નંદ ઉત્સવ' અત્યંત ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.




કથા મંડપમાં જયારે ભગવાનનો જન્મોત્સવ ઉજવાયો ત્યારે સમગ્ર પંડાલ "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી" નાં નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. આ પ્રસંગની વિશેષતા એ હતી કે ભારતના વિવિધ પ્રદેશોની પરંપરા મુજબ ભવ્ય રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓ "રાધાજીનો ઝાંઝરિયો" જેવા લોકપ્રિય ભજનો પર ઝૂમી ઉઠ્યા હતા. ઉત્સવમાં વસુદેવ-દેવકી, નંદ-યશોદા અને બાલકૃષ્ણના વેશધારી પાત્રોએ આકર્ષણ જમાવ્યું હતું. ઉત્સવની સાથે સેવાનો સૂર પણ રેલાયો હતો. પૂજ્ય દ્વારકેશલાલજી મહોદયે અંકુર મંદબુદ્ધિ બાળકોની શાળા માટે અનુદાનની અપીલ કરી હતી, જેમાં તેમણે પોતે રૂા. ૫૧ હજારનું દાન અર્પણ કરી પહેલ કરી હતી. આ અપીલને ઝીલી લેતા દુબઈથી પધારેલા વૈષ્ણવ પરિવાર દ્વારા માતબર દાન જાહેર કરાયું હતું. અમીષી મુકેશભાઈ પરીખ તરફથી રૂા.૫.૫૦ લાખ, ધ્રુવી મુકેશભાઈ પરીખ તરફથી રૂા.૫.૫૦ લાખ મળીને કુલ રૂા.૧૧ લાખનું દાન હંસાબેન મુકેશભાઈ પરીખનાં હસ્તે જાહેર કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટનાં પ્રમુખ સુનિલભાઈ પરીખ અને સ્વયંસેવકોની જહેમતથી મોઢ વણિક સમાજ દ્વારા પ્રથમ વખત ભાવનગરનાં આંગણે આવું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેનો હજારો ભક્તોએ લાભ લીધો હતો.

# ડાયગ્નોસ્ટીક ક્લિનિકોમાં સીસીટીવી કેમેરા, તેનો ડેટા સાચવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ

## જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે

ભાવનગર,તા.૩૦

સમાજમાં દીકરીઓની સંખ્યા ઘટતી જતી હોવાની બાબત ધ્યાને લઈ ભાવનગર જિલ્લામાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંતર્ગત રજિસ્ટર્ડ ક્લિનિક ખાતે સી.સી.ટી.વી. કેમેરા મૂકવા અંગે જિલ્લા એડવાઈઝરી કમિટીની મિટિંગમાં થયેલ સૂચના અન્વયે ભાવનગર શહેર અને જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં પ્રિ-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેક્નિક અંતર્ગત રજીસ્ટર થયેલા તમામ ક્લિનિક માટે ક્લિનિક પર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અને તેનો ડેટા ત્રણ માસ સુધી જાળવી રાખવા જાહેરનામું બહાર પાડવા જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી (પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત ભાવનગરનાં પત્રથી દરખાસ્ત રજૂ થયેલ છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મળેલ સત્તાની રૂઈએ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર દ્વારા ભાવનગર શહેર અને જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીક અંતર્ગત રજીસ્ટર્ડ થયેલા તમામ ક્લીનીક પર સીસીટીવી કેમેરા લગાવવા અને તેનો ડેટા ત્રણ માસ સુધી જાળવી રાખવાનો જાહેરનામા સાથે આદેશ કરવામાં આવ્યો છે. આ જાહેરનામાંનો અમલ જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી (પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત ભાવનગરએ કરવાનો રહેશે. આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાનાં ભંગ બદલ ધારાસર ફરિયાદ કરવા માટે જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી (પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત ભાવનગરને અધિકાર રહેશે.

# ચોક્કસ સમાજના મતદારોના નામોં કાઢી નાખવા ખોટી અરજીઓ કરાઈ

## તપાસ કરી ગુનો દાખલ કરવાની ભાવનગર શહેર કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલની માંગ

ભાવનગર,તા.૩૦

ભાવનગરમાં ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા પર ગંભીર સવાલો ઊભા થયા છે. ફોર્મ નંબર ૭ મારફતે ચોક્કસ સમાજના મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢવા ભાજપ દ્વારા ખોટા નામે અને ખોટી રીતે અરજીઓ કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ કોંગ્રેસે લગાવ્યો છે.

કોંગ્રેસના પ્રમુખ લાલભા ગોહિલે આ મામલે જણાવ્યું કે આ કોઈ ટેકનિકલ ભૂલ નહીં પરંતુ મતાધિકાર છીનવવાનું પૂર્વનિયોજિત ષડયંત્ર છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે આ સમગ્ર પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ અને દોષિતો સામે કડક કાનૂની કાર્યવાહી કરી ગુનો દાખલ કરવો જોઈએ.

લાલભા ગોહિલે વધુમાં જણાવ્યું કે અરજીઓ કરનાર તત્વોને ઓળખી લેવામાં આવ્યા છે. જેના પગલે રાજકીય વર્તુળોમાં ભારે હોબાળો મચી ગયો છે. આ સમગ્ર કૌભાંડ અંગે એડવોકેટ સાજીદભાઈ કાઝી દ્વારા તમામ દસ્તાવેજી પુરાવા અને માહિતી એકત્રિત કરવામાં આવી છે જે ટૂંક સમયમાં સત્તાધીશ સમક્ષ રજૂ કરવામાં આવશે.કોંગ્રેસે ચેતવણી આપતાં જણાવ્યું છે કે મતદાર યાદી સાથે ચેડાં કરનાર સામે કોઈ સમજૂતી નહીં થાય અને લોકશાહીની રક્ષા માટે જરૂર પડે ત્યાં સુધી આ લડત વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# લોયંગાના સેવાભાવી યુવાને નીલગાયના બચ્ચાનો જીવ બચાવ્યો

## કુતરાઓના ટોળામાંથી બચ્ચાને છોડાવી ઈજાગ્રસ્ત હાલતે ફોરેસ્ટ વિભાગને સોંપી દીધું

તળાજા,તા.૩૦

મહુવા તાલુકાના લોયંગા ગામના યુવાન તેમના કામે મહુવાથી ડુંડાસ તરફ જઈ રહ્યા હતા ત્યારે ડુંડાસ અમરુતવેલ નજીક વાડી વિસ્તારમાં નજીક પહોંચતા તેમની નજર એક નીલ ગાયના જીવતા બચ્ચાને કુતરા પકડીને ઈજા કરી રહ્યા હતા તેની ઉપર પડી હતી.



તસવીર : મથુર ચૌહાણ

લોયંગા ગામના યુવાન ગોપાલભાઈ ભીલ અને તેના મિત્ર તાત્કાલિક તેમની ગાડી ઉભી રાખી અને જીવના જોખમે ત્યાં પહોંચી કુતરાના ટોળાને વીખેરી નીલ ગાય (રોજડા)ના બચ્ચાને બચાવવા પ્રયાસ કર્યો હતો પરંતુ નીલ ગાય રોજનું બચ્ચું ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં હતું. ત્યારબાદ તાત્કાલિક ફોરેસ્ટ વિભાગમાં જાણ કરાઈ હતી કારણ કે નીલ ગાય રોજનું બચ્ચું ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં હતું મહુવા ફોરેસ્ટ વિભાગમાં જાણ કરતાં મહુવા સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો ત્યાર બાદ મહુવાના બગદાણા ફોરેસ્ટ વિભાગમાં પણ જાણ કરવામાં આવતા બગદાણા સેન્ટર વિભાગ ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરુરી સારવાર આપી તેની હોસ્પિટલમાં નીલ ગાયના બચ્ચાને લઈ રવાના થયા હતા આમ લોયંગા ગામના સેવાભાવી યુવાન ગોપાલભાઈ ભીલ દુધાળા ગામના શક્તિસિંહ વાળા અને ફોરેસ્ટ વિભાગની મહેનત રંગ લાવી હતી.

# કુંઢેલી ગામે શિવ એજ્યુકેશન મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સાથે સન્માન કરાયું



કુંઢેલી,તા.૩૦

તળાજા નજીકના કુંઢેલી ગામે શિવ એજ્યુકેશન મંડળ કુંઢેલી-સુરત દ્વારા શિક્ષણમાં તેજસ્વી તારલાઓનું ઈનામું આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા પ્રોત્સાહક કાર્યક્રમ બાલવાટિકા થી લઈને ધોરણ આઠ સુધીના એક થી ત્રણ નંબર સાથે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના આર્ટસ કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીના એક થી ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલા કુંઢેલી ગામના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોને ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા.

શિવ એજ્યુકેશન મંડળ સુરતના અશોકભાઈ જેરામભાઈ ગોટી અને તેમના ગ્રુપ દ્વારા આર્થિક સહયોગ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગામના વડીલ ગજુભા રાણા, એસએમસી અધ્યક્ષ હરુભા રાણા, લાલુભા રાણા તેમજ આચાર્ય જતીનભાઈ વ્યાસ, શિક્ષકો સંહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# એકલવ્ય આર્ટસ રૂરલ એન્ડ સોસિયલ સાયન્સ કોલેજ હરીપુરામાં ૭૭માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાય



હરીપુરા,તા.૩૦

એકલવ્યા આર્ટસ રૂરલ એન્ડ સોશિયલ સાયન્સ કોલેજ હરીપુરા નસવાડીમાં આજ રોજ ૭૭ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

પ્રાર્થના, મહેમાનોનું પુસ્તકથી સ્વાગત અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ નિવૃત શિક્ષક ભીલ લક્ષ્મણભાઈ આવ્યા હતા. તેમના હસ્તક ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમણે કાર્યક્રમ અનુસંધાને પ્રજાસત્તાક દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તેમજ ખૂબ જ અભ્યાસમાં મહેનત કરવા કહ્યું હતું. તેમજ કોલેજના આચાર્ય ડૉ.મનોજભાઈ જી . ચૌહાણે આ કાર્યક્રમ નિમિત્તે યુવાનોને પોતાની કારકિર્દી બનાવવા અને દેશ માટે કંઈક કરી છૂટવા માટે પ્રયત્નશીલ બનવા કહ્યું હતું તેમજ કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ એક રેલીનું આયોજન કર્યું હતું. આ દિવસે કોલેજમાં સ્વચ્છતા અભિયાન નિમિત્તે સફાઈ કરવામાં આવી હતી. તેમજ SYBAમાં અભ્યાસ કરતી ભીલ પારસ દ્વારા પ્રજાસત્તાક દિવસ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.આ કાર્યક્રમનો એન્કરીગ તડવી કમલેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જહેમત ઉઠાવી સહભાગી થયેલા વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણના તમામને કોલેજના ટ્રસ્ટી ઉપેન્દ્રભાઈ રાઠવા તથા કોલેજના આચાર્ય ડૉ.મનોજભાઈ જી. ચૌહાણે શુભેચ્છા પાઠવી હતી.

# માલણકા ખોડીયાર મંદિરે ૫૮મો પૂનમનો પાટોત્સવ ઉજવાશે

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના માલણકા ગામ ખાતે આવેલ દવે, ભાયાણી, શાહ (જસપરાવાળા), ભટ્ટ (શિહોર) અને પટેલ પરિવારના કુળદેવી માલણકા ખોડીયાર માના મંદિરે ૫૮મો પાટોત્સવ મહા-સુદ પૂનમને તા. ૦૧/૦૨ ને રવીવારે થશે.



મહા-મહિનાની નવરાત્રિ માતાજીના મંદિરે ધામ-ધૂમથી ઉજવવામાં આવે છે. મહા મહિનાની નવરાત્રી દરમિયાન ચંડીપાઠ માતાજીને પારે કરવામાં આવે છે અને પૂનમના દિવસે હોમાત્મક નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ ઉત્સવમાં ગુજરાત તેમજ ગુજરાત બહારથી ઘણા ભક્તો દર્શનાર્થે આવે છે.

પ્રણાલિકા પ્રમાણે હોમાત્મક નવચંડી યજ્ઞનો પ્રારંભ રોનકભાઈ ઓઝાના આચાર્ય પદે સવારે ૭:૩૦ કલાકે થશે.શ્રીફળ હોમવાનો સમય બપોરના ૧૨ કલાકનો છે ત્યારબાદ મહાપ્રસાદનો કાર્યક્રમ થશે.આ પ્રસંગે સૌ સેવકોને દર્શકનો લાભ લેવા સમગ્ર ટ્રસ્ટીગણ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સરદાર યુવા મંડળ દ્વારા બિનવારસી લાશના અગ્નિસંસ્કાર



તા.૨૯ના રોજ સર ટી હોસ્પિટલ ખાતે એક બિનવારસી લાશ આવી હતી જે મહુવા તાલુકાના ભાદ્રોડ ગામ પાસેથી મળી આવી હતી ઉંમર અંદાજે ૨૫ વર્ષની હોય એવું લાગ્યું તેનો કોઈ પરિવાર મળ્યો નહીં આથી સરદાર યુવા મંડળના ભરત મોણપરા. યોગેશ દિયોરા અને મહુવા પોલીસ સ્ટેશનના જમાદાર બનેસંગભાઈ ગોહિલે તેમાં સંપૂર્ણ વિધિ વિધાન સાથે સન્માન પૂર્વક તેઓના અંતિમ સંસ્કાર કરી સેવા કાર્ય કર્યું હતું.

# અજિત પવારનું પ્લેન ક્રેશમાં નિધન થતા ભાવનગર શહેર ભાજપે શોક પ્રગટ કર્યો



ભાવનગર,તા.૩૦

તાજેતરમાં મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી અને કદાવર નેતા એવા સ્વ. અજીત પવારનું પ્લેન દુર્ઘટનામાં આકસ્મિક અવસાન થતાં સમગ્ર દેશ શોક મય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પણ આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા ઘેરો શોક પ્રગટ કર્યો છે, ત્યારે અધ્યક્ષ કુમારભાઈ શાહ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ સહિત ભાવનગર શહેર ભાજપ સંગઠને આ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલ સ્વ.અજીત પવાર સહિત સૌ મૃતકો અંગે ઘેરો શોક વ્યક્ત કર્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## વિકાસ સાથે સ્વાસ્થ્યની ચિંતા

આર્થિક સર્વે સામાન્ય રીતે બજેટના એક દિવસ પહેલા રજૂ થતો રહ્યો છે. પરંતુ આ વખતે તે ત્રણ દિવસ પહેલા આવ્યો છે. સમય કરતાં પહેલો આ સર્વે માત્ર આંકડાઓ માટે નહીં, પરંતુ તેના અભિગમ માટે પણ ચર્ચામાં છે. પહેલી વાર એવું લાગ્યું છે કે સરકાર અર્થતંત્રની સાથે સમાજના સ્વાસ્થ્યને પણ ગંભીરતાથી જોવાની કોશિશ કરી રહી છે. દેશની વૃદ્ધિ કેટલી છે તે જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્વનું છે કે નાગરિકો કેટલા સ્વસ્થ છે.આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં દેશના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. ખાસ કરીને જંક ફૂડના વધતા વપરાશને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વધારે ચરબી, મીઠું અને ખાંડ ધરાવતા ખોરાક લોકોના જીવનમાં સામાન્ય બની ગયા છે. શહેરોમાં તો જ નહીં, ગામડાઓમાં પણ પેકેટવાળા ખોરાક ઝડપથી પહોંચ્યા છે. આ ખોરાક તાત્કાલિક સુખ આપે છે, પરંતુ લાંબા ગાળે રોગો આપે છે.સર્વેમાં સૂચન કરવામાં આવ્યું છે કે સવારે છ વાગ્યાથી રાત્રે અગિયાર વાગ્યા સુધી જંક ફૂડની જાહેરાતો પર પ્રતિબંધ હોવો જોઈએ. આ સૂચન સામાન્ય નથી. કારણ કે જાહેરાતો લોકોના મન પર સીધી અસર કરે છે. ખાસ કરીને બાળકો અને યુવાનો તેના સહેલાં શિકાર બને છે. રંગીન જાહેરાતો અને આકર્ષક ઓફરો ખોરાકને ફેશન બનાવી દે છે. પરિણામે ખાવાની આદતો બગડે છે.સર્વેમાં શિશુઓ અને નાના બાળકો માટે દૂધ અને પીણાંના માર્કેટિંગ પર કડક નિયંત્રણની પણ માંગ છે. બાળકો માટે શું યોગ્ય છે અને શું નહીં, તે નક્કી કરવાનું કામ માત્ર બજાર પર છોડવું યોગ્ય નથી. બાળકોનો સ્વાસ્થ્ય દેશના ભવિષ્ય સાથે જોડાયેલો છે. જો આજનું બાળપણ અસ્વસ્થ રહેશે તો આવતીકાલનું શ્રમબળ પણ નબળું રહેશે.બાળકોમાં વધતી સ્થૂળતા આ સર્વેની મોટી ચિંતા છે. વર્ષ ૨૦૨૦માં દેશમાં ૩૩ મિલિયન બાળકો મેદસ્વી હતા. આ આંકડો ચોંકાવનારો છે. વધુ ચિંતાજનક વાત એ છે કે ૨૦૩૫ સુધીમાં આ સંખ્યા ૮૩ મિલિયન સુધી પહોંચે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. આ માત્ર સ્વાસ્થ્યની સમસ્યા નથી. આ એક આર્થિક સમસ્યા પણ છે. કારણ કે અસ્વસ્થ જનતા પર આરોગ્ય ખર્ચ વધે છે અને ઉત્પાદનક્ષમતા ઘટે છે.વિશ્વના અન્ય દેશોના ઉદાહરણો પણ ધ્યાન ખેંચે છે. બ્રિટને બાળકોમાં સ્થૂળતા ઘટાડવા માટે રાત્રે નવ વાગ્યા પહેલા ટીવી અને ઓનલાઈન મીડિયામાં જંક ફૂડની જાહેરાતો પર પ્રતિબંધ મૂક્યો છે. ભારત પણ આ દિશામાં વિચાર કરે છે, તે સકારાત્મક સંકેત છે. કેન્દ્ર સરકાર નવી ફ્રન્ટ ઓફ પેક ન્યુટ્રિશન લેબલિંગ નીતિ લાવવાની તૈયારીમાં છે. ખોરાકના પેકેટ પર સ્ટાર રેટિંગ આપવાની વાત છે. જેથી ગ્રાહક સરળતાથી સમજી શકે કે કયો ખોરાક કેટલો આરોગ્યદાયક છે.આ બધાની વચ્ચે આર્થિક દ્રષ્ટિએ સર્વે આશાવાદી ચિત્ર પણ આપે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા સર્વે મુજબ ૨૦૨૬-૨૭માં રીઅલ વૃદ્ધિ દર ૬.૮થી ૭.૨ ટકા રહેવાની ધારણા છે. ગયા વર્ષના ૬.૫ ટકા કરતાં આ વધારે છે. ચાલુ નાણાકીય વર્ષ માટે વૃદ્ધિ ૭.૪ ટકા રહેવાનો અંદાજ છે. આ બતાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત રહી રહ્યું છે.ફુગાવા અને રોજગારના આંકડાઓ પણ રાહત આપે છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ફુગાવો ઘટીને ૧.૭ ટકા થયો છે. વર્ષ ૨૦૨૩માં તે ૬.૭ ટકા હતો. બેરોજગારી દરમાં પણ ઘટાડો થયો છે. મે ૨૦૨૫માં તે ૫.૪ ટકા હતો, જે ઘટીને ૪.૯ ટકા થયો છે. આ આંકડાઓ સામાન્ય લોકોના જીવનમાં થોડી સ્થિરતા લાવે છે.બાહ્ય મોરચે પણ આશાની વાત છે. આ વર્ષે અમેરિકા સાથે વેપાર કરાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો આ કરાર પૂર્ણ થાય તો ભારત માટે નિકાસ અને રોકાણની નવી તકો ખુલશે. સાથે સાથે વૈશ્વિક વેપારમાં રહેલી અનિશ્ચિતતા પણ ઓછી થશે.આર્થિક સર્વેનો સૌથી મહત્વનો સંદેશ એ છે કે વિકાસ અને સ્વાસ્થ્ય એકબીજાથી અલગ નથી.

# દેદીપ્યમાન દિવ્યતા દર્શાવતું રૂવાપરી ધામ



ફ્રાઈડે ફોટો સ્ટોરી -જયદીપ એન. ઠાકર

અંતરની આસ્થાનો આવિર્ભાવ પ્રગટાવતુ રૂવાપરી મંદિર સંધ્યા સમયે એની ઓજસ્વી આભાને લીધે જાજવલ્યમાન અને દર્શનીય બની રહે છે. ઈતિહાસના ઓવારણેથી અમીદ્રષ્ટિ દર્શાવતું, ભક્તિભાવનું આ કેન્દ્રબિંદુ તેના આસમાની રંગોના અંતર્નાદ દ્વારા આપણા મસ્તક સાથે મનને પણ માતાજીના ચરણોમાં નમવા પ્રેરે છે. ભાવનગરને અડીને આવેલા રૂવા ગામના પ્રતિનિધિરૂપ આ ધાર્મિક સ્થળ ભાવેણાવાસીઓની પ્રાચીનતમ શ્રદ્ધા અને સંવેદનાનું સાક્ષી બની રહે છે.

# પ્રાકૃતિક કૃષિનું હૃદય - દેશી ગાયઃ જેના વિના પ્રાકૃતિક ખેતીની કલ્પના અધૂરી

એટલે કે ગાય વિશ્વની માતા છે, તેની ઉપમા કોઈને પણ આપી શકાતી નથી; દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે.

ભારત કૃષિપ્રધાન દેશ છે અને અહીં કૃષિ માત્ર વ્યવસાય નથી, પરંતુ જીવનપદ્ધતિ છે. આ પરંપરાગત કૃષિ પ્રણાલીમાં દેશી ગાયનું સ્થાન અતિ વિશિષ્ટ અને પવિત્ર માનવામાં આવ્યું છે. વૈદિક સાહિત્યથી લઈને આજની પ્રાકૃતિક કૃષિ સુધી ગાયને માત્ર દૂધ આપનાર પ્રાણી તરીકે નહીં, પરંતુ સંપૂર્ણ કૃષિ વ્યવસ્થાનું કેન્દ્રબિંદુ માનવામાં આવે છે.મહાભારતનાં અનુશાસન પર્વમાં ગાયના સદગુણો અને ઉપયોગીતા વિષે વર્ણન કરવામાં આવ્યું છે કે, ગાય પોતાના દૂધ, દહીં, અને ઘી વડે પ્રજાનું પાલન-પોષણ કરે છે. એનો પુત્ર એટલે કે બળદ કૃષિનું કામ કરે છે, ભાર ઉઠાવે છે અને પોતાના શ્રમથી અનાજ, બીજ ઉત્પન્ન કરે છે. એનાથી જ યજ્ઞ સંપન્ન થાય છે. ગાય અમૃત કળશ છે અને સમગ્ર વિશ્વ એની આગળ નતમસ્તક છે.ઋગ્વેદમાં કહ્યું છે કે,એટલે કે ગાય વિશ્વની માતા છે. યજુર્વેદમાં કહ્યું છે કે,: એટલે કે ગાયની ઉપમા કોઈને પણ આપી શકાતી નથી. ભારતીય પરંપરામાં ગાયને "ગૌમાતા" કહેવામાં આવી છે. ઋગ્વેદ અને અન્ય ગ્રંથોમાં ગાયને સમૃદ્ધિ, આરોગ્ય અને કલ્યાણનું પ્રતીક માનવામાં આવે છે. આ ભાવના માત્ર ધાર્મિક નથી - તે ટકાઉ જીવનશૈલી અને કુદરત સાથે સહઅસ્તિત્વનો સંદેશ આપે છે.વિદેશી સંકર જાતની ગાયો મુખ્યત્વે વધુ દૂધ ઉત્પાદન માટે વિકસાવવામાં આવી છે, જ્યારે ભારતીય દેશી ગાયો સ્થાનિક પર્યાવરણ, હવામાન અને ખેતી પદ્ધતિઓ સાથે સ્વાભાવિક રીતે સુસંગત છે. દેશી ગાયનું મહત્ત્વ દૂધથી પણ વધારે તેનાં છાણ (ગોબર), ગૌમૂત્ર, દહીં અને ઘી માં સમાયેલું છે, જે પ્રાકૃતિક કૃષિનો મૂળ આધારસ્તંભ છે.દેશી ગાયના છાણ (ગોબર)માં અગણિત લાભદાયી સૂક્ષ્મજીવો હોય છે, તે જમીનમાં જૈવિક કાર્બન વધારવામાં મદદ કરે છે. માટીની રચના, ભેજ જાળવવાની ક્ષમતા અને ઉપજાઉ શક્તિ સુધારે છે. જ્યારે ગૌમૂત્ર કુદરતી જીવાણુનાશક તરીકે કામ કરે છે, પાકમાં રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી છે. દેશી ગાય વગર પ્રાકૃતિક ખેતીની કલ્પના અધૂરી છે. દેશી ગાયનાં છાણ (ગોબર), ગૌમૂત્ર, ગોળ અને દાળના લોટથી બનતું જીવામૃત જમીનમાં કરોડો સૂક્ષ્મજીવોની વૃદ્ધિ કરે છે. આ સૂક્ષ્મજીવો જમીનને જિવંત બનાવે છે અને છોડને જરૂરી પોષકતત્ત્વ પ્રાકૃતિક રીતે ઉપલબ્ધ કરાવે છે. બીજ વાવતાં પહેલાં તેને દેશી ગાય આધારિત દ્રાવણથી શુદ્ધ કરવામાં આવે છે, જેથી ફૂગ અને રોગોથી રક્ષણ મળે છે. દેશી ગાયનાં ગૌમૂત્ર અને ઔષધીય છોડમાંથી બનેલા દ્રાવણો જીવાત નિયંત્રણ, ફૂગજન્ય રોગોથી રક્ષણ માટે અસરકારક માનવામાં આવે છે. આ પદ્ધતિઓથી રાસાયણિક જંતુનાશકોની જરૂરિયાત ઓછી થાય છે. જે જમીન, પાણી અને માનવ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.





ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝિલૅન્ડના વૈજ્ઞાનિકોએ લાંબા સમય સુધી સંશોધન કરીને જર્સી અને હોલ્સ્ટન ફ્રિઝિયન ગાયના દૂધને નામ એ-૧ આપ્યું તેમજ ભારતીય પ્રજાતિની દેશી ગાયના દૂધને એ-૨ નામ આપ્યું. વૈજ્ઞાનિક પરીક્ષણ બાદ એ-૧ દૂધ સ્વાસ્થ્ય તેમજ માનવ શરીર માટે હાનિકારક જણાયું, જ્યારે એ-૨ દૂધને માનવ શરીરમાં રોગ પ્રતિકારકશક્તિ વધારનાર તથા સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવ્યું છે. આમ ભારતીય પ્રજાતિની બધી દેશી ગાયોનું દૂધ, છાણ અને ગૌમૂત્ર અમૃત સમાન છે.આજના સમયમાં જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે, પાણી પ્રદૂષિત થાય છે અને ખેડૂતોનો ખેતી ખર્ચ વધે છે ત્યારે આવી પરિસ્થિતિમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ ખર્ચ ઘટાડે છે, જમીનને ઉપજાઉ બનાવે છે, ઝેરી અવશેષરહિત ખોરાક આપે છે. આ રીતે દેશી ગાય માત્ર એક પશુ નથી, પરંતુ કૃષિ સ્વાવલંબન, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ સમાજ તરફ દોરી જતી શક્તિ છે.

પ્રાકૃતિક કૃષિ એ માત્ર ટેકનિક નથી, તે વિચારધારા છે - અને આ વિચારધારાના કેન્દ્રમાં દેશી ગાય છે. તેના છાણ (ગોબર), ગૌમૂત્રથી જમીન, પાક, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેનું સંતુલન જળવાઈ રહે છે. દેશી ગાય એટલે જીવંત ખાતર ફેક્ટરી, કુદરતી ઔષધાલય અને ટકાઉ ખેતીનું હૃદય છે. **આલેખનઃ રેસુંગ ચૌહાણ, નાયબ માહિતી નિયામક, ભાવનગર**

# બિનઉપયોગી ગણાતા નંદી પાવર ઉર્જાના સર્જક પણ બને છે

**ટ્રેક્ટર આવતા હવે હળ અને બળદનો જમાનો ધીમે ધીમે અસ્ત થઈ રહ્યો છે. બળદને ગાડામાં જોડવામાં આવતા તે ગાડાની જગ્યાએ ઈલેક્ટ્રીક વાહન આવી ગયા. એક સમયે કૂવામાંથી પાણી કાઢવા માટે બળદનો ઉપયોગ થતો હવે વર્ટિકલ ટર્બાઇન પંપ આવી ગયા. આમ બળદનો ઉપયોગ નહિવત થઈ જતા બળદ બિચારા બની ગયા પરંતુ ભાવનગરની સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા બુલ પાવર નો ઉપયોગ કરીને પાવર જનરેટ કરવાના સફળ પ્રયોગો કર્યા છે. આગામી સમયમાં બળદ હોય બિચારા નહી રહે જોકે હાલ ગૌશાળા ની જેમ નંદીશાળાઓ પણ શરૂ થઈ ચૂકી છે!!**

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

એક સમય એવો હતો જ્યારે ભારતીય ખેતીની ઓળખ જ નંદી એટલે કે બળદ સાથે જોડાયેલી હતી. ખેતર ખેડવાનું કામ હોય, કૂવામાંથી પાણી કાઢવાનું હોય કે ગાડું ખેંચવાનું હોય, દરેક જગ્યાએ બળદ ખેડૂતનો વિશ્વાસુ સાથી હતો. ગામડાંની જીવનશૈલીમાં બળદ માત્ર પશુ નહોતો, પરંતુ પરિશ્રમ, ધીરજ અને નિષ્ઠાનું જીવંત પ્રતીક ગણાતો. સમય બદલાયો, ટેક્નોલોજી આવી અને ખેતીમાં ટ્રૅક્ટર તથા મશીનરીનો પ્રવેશ થયો. પરિણામે બળદ ધીમે ધીમે ખેતીમાંથી બહાર થવા લાગ્યો અને જે પશુ એક સમય ખેતીનો આધાર હતો તે આજે ઉપેક્ષાનો ભોગ બન્યો.

આજે સ્થિતિ એવી છે કે અનેક બળદો અને આખલાઓ શહેરો, નગરો અને ગામડાંની ગલીઓમાં રખડતી નજરે પડે છે. ક્યાંક ટ્રાફિક માટે નળતર બને છે, ક્યાંક અકસ્માતનું કારણ બને છે તો ક્યાંક ભૂખ, તરસ અને રોગનો ભોગ બને છે. ગાય માટે ગૌશાળા અને પાંજરાપોળોની વ્યવસ્થા તો રાજ્યભરમાં જોવા મળે છે, પરંતુ બળદો માટે અલગથી વ્યવસ્થિત આશ્રયસ્થાનોની અછત લાંબા સમયથી અનુભવી શકાય તેવી હતી. આવા સમયમાં કચ્છના અંજારમાં ઉભી થયેલી ગોવર્ધન નંદીશાળા એક આશાની કિરણ બની છે.

રાજસ્થાનના એક સંતની હાકલથી પ્રેરણા લઈને કચ્છના એક સંતે મનમાં દઢ સંકલ્પ બાંધ્યો કે નંદીઓ માટે પણ સન્માનજનક જીવન હોવું જોઈએ. આ વિચારમાંથી જન્મ્યું ગોવર્ધન નંદીશાળાનું સ્વપ્ન. આજે અંજારના સીમાડે આવેલી આ નંદીશાળામાં સાતસોથી વધુ બળદોની સંભાળ લેવામાં આવે છે. આ માત્ર આશ્રયસ્થાન નથી, પરંતુ નંદીઓ માટે નંદનવન સમાન એક પરિવાર છે, જ્યાં તેમને આદર, કાળજી અને સંરક્ષણ મળે છે.

શિયાળાની ઠંડીમાં જ્યારે માણસ પણ સ્વેટર, શૉલ અને ધાબળાનો સહારો લે છે ત્યારે અંજારમાં આવેલા આ નંદીઓ માટે વિશાળ હીટરોની વ્યવસ્થા કરવામાં આવી છે. બળદો માટે હીટરનો વિચાર સાંભળતાં જ અચરજ થાય, પરંતુ અહીં નંદીને માત્ર પશુ નહીં, જીવંત સજીવ તરીકે માન આપવામાં આવે છે. ગરમી હોય કે ઠંડી, વરસાદ હોય કે ઉનાળો, બારેય મહિના તેમની સુખાકારીનું ધ્યાન રાખવામાં આવે છે. આ નંદીશાળા એ સાબિત કરે છે કે માનવ સંવેદના અને સેવાભાવથી કોઈપણ કાર્ય અસાધારણ બની શકે છે.કચ્છની ધરા દાન અને પુણ્ય માટે જાણીતી છે. અહીંના સેવાભાવી લોકો નંદીશાળામાં સેવા કરીને પુણ્યનું સદકાર્ય કરે છે. કોઈ ચારો આપે છે, કોઈ દવાઓ માટે સહાય કરે છે તો કોઈ પોતાનો સમય આપી નંદીઓની દેખભાળમાં જોડાય છે. આ સંયુક્ત પ્રયાસથી નંદીશાળા માત્ર સંસ્થા નહીં પરંતુ એક જીવંત આંદોલન બની ગઈ છે, જે ભૂલાયેલા બળદોને ફરીથી સમાજમાં સ્થાન અપાવે છે.આજે ખેતીમાં બળદનો પરંપરાગત ઉપયોગ ઘટ્યો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે બળદ બિનઉપયોગી બની ગયો છે. ભાવનગરની સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટમાં થયેલા સંશોધન દર્શાવે છે કે બળદની શક્તિનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરી શકાય છે. ગોળ ફેરવવાની પદ્ધતિથી બળદની તાકાત ઊર્જામાં રૂપાંતરિત કરવાની સંભાવનાઓ ખુલ્લી થઈ છે. જો આવા પ્રયાસોને પ્રોત્સાહન મળે તો બળદ ફરી એકવાર માનવ જીવન માટે ઉપયોગી બની શકે છે.રસ્તા પર રખડતા ઢોર, જેમાં ગાય સાથે બળદ અને આખલાઓ પણ શામેલ છે, આજે એક મોટી સામાજિક સમસ્યા બની ગઈ છે. અનેક અકસ્માતો અને જાનહાનિના બનાવો તેનું દુઃખદ ઉદાહરણ છે. આવી સ્થિતિમાં ગૌશાળા અને નંદીશાળા જેવી સંસ્થાઓ સુરક્ષા અને સંરક્ષણ માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે. જ્યાં પશુઓને આશ્રય મળે છે ત્યાં સમાજને પણ રાહત મળે છે.ગોવર્ધન નંદીશાળા માત્ર બળદોને બચાવવાનો પ્રયાસ નથી, પરંતુ માનવીય મૂલ્યોને જીવંત રાખવાનો પ્રયાસ છે. ટેક્નોલોજીના યુગમાં જ્યારે ઉપયોગિતાના આધાર પર સંબંધો નક્કી થાય છે, ત્યારે આ નંદીશાળા આપણને યાદ અપાવે છે કે સેવા, કરુણા અને કૃતજ્ઞતા પણ જીવનના મહત્વના આધારસ્તંભ છે. જે પશુએ પેઢીઓ સુધી ખેડૂતના ખેતરો ખંખેરી દેશનું પેટ ભર્યું, તેને આજે સન્માનજનક જીવન આપવું એ સમાજની જવાબદારી છે.અશક્ત ગાયો અને આખલાઓ ભલે નકામા ગણાતા હોય પરંતુ તે ઉપયોગી છાણ અને ગૌમુત્ર આપે છે જેની મદદથી બાયોગેસનું ઉત્પાદન થઈ શકે છે આ ગેસ ને કોંગ્રેસ કરીને બાટલામાં ભરીને રાંધણ ગેસની જેમ પણ ઉપયોગ થઈ શકે છે હવે ગુજરાતમાં પણ બને છે. બાકી જે છાણ વધે તેના છાણા બનાવીને ઉપયોગ કરવામાં આવે તો ઊર્જા સમસ્યા નો અંત આવે અને છાણાનો જમાનો નથી કારણ કે તેનાથી ધુમાડો થાય છે આ માટે આધુનિક ચૂલા એવા બન્યા છે કે જેના કારણે ધુમાડાથી ગામડાની બહેનોની આંખો ખરાબ થતી નથી આ ઉપરાંત આ છાણમાંથી એવા કેક બનાવવામાં આવ્યા છે જેમાં ધુમાડો થાય નહીં અને રસોઈ માટે પૂરતી ઊર્જા મળે આ માટે પણ સંશોધનો થઈ ચૂક્યા છે મતલબ કે જેને નકામા પણ શું ગણવામાં આવે છે તે હવે નકામા નથી રહ્યા તે પણ ઉર્જાના ઉત્પાદક બની શકે છે. હવે કચ્છની વાત કરીએ અંજારની નંદીશાળા એ દિશામાં એક પ્રેરક ઉદાહરણ છે. ભવિષ્યમાં જો આવા પ્રયાસો અન્ય વિસ્તારોમાં પણ થાય અને બળદની શક્તિનો નવીન રીતે ઉપયોગ થાય, તો નંદી ફરી એકવાર સમાજ માટે આશીર્વાદરૂપ બની શકે છે. નંદીથી નંદનવન સુધીની આ સફર માત્ર બળદોની નથી, પરંતુ માનવ સંવેદનાની પણ છે, જે આપણને વધુ માનવતાવાદી સમાજ તરફ લઈ જાય છે.



# ન્યૂઝીલેન્ડે ટીમ ઈન્ડિયાને હરાવ્યા બાદ જીત સાથે શ્રેણીની શરૂઆત કરી





વિશાખાપટ્ટનમ,

વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ચોથી ટી ૨૦ મેચમાં ટીમ ઈન્ડિયાને કારમી હારનો સામનો કરવો પડ્યો. ૨૧૬ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા, ભારતીય બેટિંગ સંપૂર્ણપણે ઢીલી પડી ગઈ, અને યજમાન ટીમ ૫૦ રનથી મેચ હારી ગઈ. ભારતીય ઈનિંગ્સ દરમિયાન મોટાભાગના બેટ્સમેન નિષ્ફળ ગયા. જોકે શિવમ દુબેએ એક સમયે ચમત્કારની આશા જગાવી હતી, પરંતુ તેની વિસ્ફોટક ઈનિંગ્સ પણ ટીમની જીત સુનિશ્ચિત કરવા માટે અપૂરતી સાબિત થઈ.

ભારતીય ઈનિંગ્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. અભિષેક શર્મા ખાતું ખોલ્યા વિના આઉટ થયો, જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવ માત્ર ૮ રન બનાવી શક્યો. ટોચના ચાર બેટ્સમેનમાંથી કોઈ પણ ૩૦ રનના આંકડા સુધી પહોંચી શક્યો નહીં, જેના કારણે ભારતીય ટીમ દબાણમાં આવી ગઈ. સંજુ સેમસન આ મેચમાં સારા ફોર્મમાં દેખાઈ રહ્યો હતો. તેણે ૧૫ બોલમાં ૨૪ રન બનાવ્યા, પરંતુ મિશેલ સેન્ટનર દ્વારા ક્લીન બોલ્ડ થયો. ત્યારબાદ ભારતીય ઈનિંગ્સ ભાંગી પડી.

મિડલ ઓર્ડરમાં, રિંકુ સિંહ અને શિવમ દુબેએ મેચને અમુક હદ સુધી બચાવવાનો પ્રયાસ કર્યો. ખાસ કરીને દુબેએ એટલી સારી બેટિંગ કરી કે સ્ટેડિયમમાં હાજર દર્શકોએ તેમને થોડા સમય માટે જીતની આશા આપી. શિવમ દુબેએ આક્રમક અભિગમ અપનાવ્યો. તેણે ન્યૂઝીલેન્ડના બોલરો પર જોરદાર હુમલો કર્યો અને ખૂબ જ ઓછા સમયમાં મેચને રોમાંચક બનાવી દીધી. દુબેએ માત્ર ૨૩ બોલમાં ૬૫ રનની વિસ્ફોટક ઈનિંગ રમી, જેમાં ૭ છગ્ગા અને ૩ ચોગ્ગાનો સમાવેશ થાય છે. તેણે માત્ર ૧૫ બોલમાં અડધી સદી ફટકારી, જેનાથી ભારતીય ટીમ માટે જીતની આશા જાગી. જોકે, દુબેનું આઉટ થવું ભારત માટે નિર્ણાયક સાબિત થયું. નોન-સ્ટ્રાઈકર એન્ડ પર હર્ષિત રાણાનો શોટ બોલર મેટ હેનરીના હાથમાં વાગતાં તે રન આઉટ થયો અને સીધો સ્ટમ્પ પર ગયો. આનાથી ભારતને મોટો ફટકો પડ્યો.

# શિવમે એક ઓવરમાં કુલ ૨૮ રન બનાવીને રોહિતના રેકોર્ડની બરાબરી કરી



વિશાખાપટ્ટનમ,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પાંચ મેચની ટી ૨૦ શ્રેણીની ચોથી મેચ ૨૯ જાન્યુઆરીના રોજ વિશાખાપટ્ટનમ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આ મેચમાં, ટીમ ઈન્ડિયાને ૫૦ રનથી ભારે હારનો સામનો કરવો પડ્યો, જેના કારણે કિવી ટીમ, જેમણે પોતાની પહેલી ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો, તેઓ પોતાની જીતનો સિલસિલો ખોલી શક્યા. ટીમ ઈન્ડિયા આ મેચ હારી ગઈ હોવા છતાં, શિવમ દુબે તેના બેટિંગ પ્રદર્શન માટે ચર્ચામાં રહ્યો. દુબેની માત્ર ૨૩ બોલમાં ૬૫ રનની ઈનિંગમાં ત્રણ ચોગ્ગા અને સાત છગ્ગાનો સમાવેશ થાય છે. શિવમે આ મેચમાં ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માની બરાબરી કરી, પરંતુ તે ચોક્કસપણે એક મોટો રેકોર્ડ તોડવામાં ચૂકી ગયો. ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ભારત માટે એક ઓવરમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ યુવરાજ સિંહના નામે છે, જેણે ૨૦૦૭ ના ટી૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં સતત છ છગ્ગા ફટકાર્યા હતા, જેમાં કુલ ૩૬ રન બનાવ્યા હતા. આ પછી, સંજુ સેમસન આ યાદીમાં બીજા ક્રમે છે, જેણે ૨૦૨૪ માં બાંગ્લાદેશી બોલર રિશાદ હુસૈન સામે એક ઓવરમાં ૩૦ રન બનાવ્યા હતા.

# રિંકુ સિંહે ફિલ્ડિંગમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી, એક જ મેચમાં ચાર કેચ પકડનાર બીજો ભારતીય બન્યો



વિશાખાપટ્ટનમ,

પાંચ મેચની ટી ૨૦ શ્રેણીની ચોથી મેચમાં, ભારતીય ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. બેટિંગ કરવા આવતા, ન્યુઝીલેન્ડે શરૂઆતથી જ ભારત પર દબાણ બનાવ્યું. કિવી ઓપનરોએ આક્રમક રીતે રન બનાવ્યા, પ્રથમ વિકેટ માટે શાનદાર સદીની ભાગીદારી બનાવી, જેના કારણે ભારતીય બોલરોને પ્રથમ આઠ ઓવર સુધી સફળતા મળી શકી નહીં. કુલદીપ યાદવે ભારતીય ટીમને પહેલી સફળતા અપાવી. તેણે રિંકુ સિંહની શાનદાર ફિલ્ડિંગને કારણે સારી રીતે સેટ થયેલા ડેવોન કોનવેને આઉટ કર્યો. આ સફળતાએ ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સને અટકાવી દીધી, અને ભારતીય બોલરોએ જોરદાર વાપસી કરી. ત્યારબાદ ન્યૂઝીલેન્ડનો મિડલ ઓર્ડર ભારતીય બોલિંગના દબાણમાં તૂટી પડ્યો. કિવીઓએ ૧૫૨ રન સુધી પહોંચતા પહેલા પાંચ વિકેટ ગુમાવી દીધી. આ સમયગાળા દરમિયાન, મેદાન પર રિંકુ સિંહની પ્રતિભા સ્પષ્ટ દેખાઈ, તેણે તેની નોંધપાત્ર ફિલ્ડિંગ દર્શાવી. રિંકુએ પહેલા ઓપનર ટિમ સીફર્ટનો શાનદાર કેચ લીધો, પછી ખતરનાક ગ્લેન ફિલિપ્સને આઉટ કર્યો, જેનાથી ભારતને મહત્વપૂર્ણ સફળતા મળી. પછી, ૧૮મી ઓવરમાં ઝાચેરી ફોલ્ક્સને કેચ કરીને, રિંકુએ ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું.

હકીકતમાં, રિંકુ સિંહે આ મેચમાં ચાર કેચ લઈને એક ખાસ સીમાચિહ્ન હાંસલ કર્યું. તે એક જ ટી ૨૦ મેચમાં ચાર કેચ લેનાર બીજો ભારતીય ખેલાડી બન્યો. આ પ્રદર્શન સાથે, તેણે અજિંક્ય રહાણેના રેકોર્ડની બરાબરી કરી. રહાણેએ ૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ બર્મિંગહામમાં ઈંગ્લેન્ડ સામેની ટી ૨૦ મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. ટી ૨૦ મેચમાં સૌથી વધુ કેચ લેનારા ભારતીય ફિલ્ડરો

અજિંક્ય રહાણે - ઈંગ્લેન્ડ સામે ૪ કેચ (૨૦૧૪), રિંકુ સિંહ - ન્યુઝીલેન્ડ સામે ૪ કેચ (૨૦૨૬)

રોહિત શર્મા - દક્ષિણ આફ્રિકા સામે ૩ કેચ (૨૦૧૨), સુરેશ રૈના - દક્ષિણ આફ્રિકા સામે ૩ કેચ (૨૦૧૨), રિંકુ સિંહની ઉત્તમ ફિલ્ડિંગ અને ભારતીય બોલિંગ દ્વારા વળતો હુમલો કરવા છતાં, ન્યુઝીલેન્ડ તેમની નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૧૫ રન બનાવવામાં સફળ રહ્યું. ટિમ સીફર્ટે સૌથી વધુ ૬૨ રન બનાવ્યા. ભારત માટે, અર્શદીપ સિંહ અને કુલદીપ યાદવે ૨-૨ વિકેટ લીધી.

# સ્ટાર ખેલાડી એરોન જોન્સ પર મેચ ફિક્સિંગ અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપો, સસ્પેન્ડ કરવાનો નિર્ણય



નવીદિલ્હી,

ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે આયોજિત ટી ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે, જેમાં યુએસએ ક્રિકેટ ટીમ સહિત ૨૦ ટીમો ભાગ લેશે. ૨૦૨૪ ના ટી ૨૦ વર્લ્ડ કપમાં, યુએસએ ટીમે સુપર આઠમાં પહોંચીને મેગા-ઈવેન્ટમાં સીધો સ્થાન મેળવ્યો હતો, જ્યાં એરોન જોન્સે બેટથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. દરમિયાન, આગામી મેગા-ઈવેન્ટ પહેલા યુએસએને મોટો ઝટકો લાગ્યો છે કારણ કે જોન્સ પર મેચ ફિક્સિંગ અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. આ આરોપો બાદ, આઈસીસીએ જોન્સને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે.

આઈસીસી દ્વારા એરોન જોન્સના સસ્પેન્શન અંગે જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે તેમના પર મેચ ફિક્સિંગ અને ભ્રષ્ટાચારના પાંચ ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. આમાંથી ત્રણ આરોપો ૨૦૨૩-૨૪માં રમાયેલી બાર્બાડોસ સ્થિત બીઆઈએમ ૧૦ ટી ૨૦ ટુર્નામેન્ટ સાથે સંબંધિત છે. ગંભીર આરોપોમાંથી એક એ છે કે જોન્સે મેચના પરિણામ અથવા અન્ય કોઈપણ પાસાને પ્રભાવિત કરવાના કાવતરામાં સામેલ થવાનો પ્રયાસ કર્યો હતો. આઈસીસીએ એરોન જોન્સને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ ક્રિકેટ-સંબંધિત પ્રવૃત્તિઓમાંથી સસ્પેન્ડ કરી દીધા છે, અને તેમને આરોપોનો જવાબ આપવા માટે ૧૪ દિવસનો સમય આપ્યો છે.

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભાગ લેનારી ૨૦ ટીમોમાંથી મોટાભાગની ટીમોએ તેમની ટીમની જાહેરાત કરી દીધી છે, પરંતુ યુએસએ ટીમની જાહેરાત હજુ બાકી છે. આગામી મેગા ઈવેન્ટ માટે યુએસએ ટીમને ગ્રુપ છ માં યજમાન ભારત, નામિબિયા, નેધરલેન્ડ અને પાકિસ્તાન સાથે મૂકવામાં આવી છે. યુએસએ ટીમ ૭ ફેબ્રુઆરીએ ભારત સામે તેની પહેલી મેચ રમશે. એરોન જોન્સે અત્યાર સુધીમાં ૪૮ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, જેમાં ૨૪.૦૬ ની સરેરાશથી ૭૭૦ રન બનાવ્યા છે, જેમાં બે અડધી સદીનો સમાવેશ થાય છે.

# 'છોટી બહુ' ફરી માતા બનવાની છે, વાયરલ વીડિયો ચાહકોને મૂંઝવણમાં મૂકે છે



મુંબઇ,

ટેલિવિઝન અભિનેત્રી રૂબીના દિલૈકે સોશિયલ મીડિયા પર બીજી વખત માતા બનવાના સારા સમાચાર શેર કરીને ચાહકોને આશ્ચર્યચકિત કર્યા. તેણીએ જાહેર કર્યું કે તે ગર્ભવતી છે. અભિનેત્રી પહેલાથી જ જોડિયા પુત્રીઓ, જીવા અને એધાની માતા છે, જેમનું તેણીએ નવેમ્બર ૨૦૨૩ માં તેના પતિ અભિનવ શુક્લા સાથે સ્વાગત કર્યું હતું. હવે, "છોટી બહુ" નો એક નવો વિડિઓ વાયરલ થયો છે, જેનાથી ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે કે શું તે ખરેખર મજાક છે કે શું તેણીએ ખરેખર સારા સમાચાર શેર કર્યા છે.

અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર જાંબલી પ્રિન્ટેડ સાડી પહેરીને એક વિડિઓ શેર કર્યો, જેમાં તેણી કહેતી સંભળાઈ, "હું ગર્ભવતી છું." જોકે, સારા સમાચાર જાહેર કરવાની તેણીની રીત થોડી વિચિત્ર લાગી, કારણ કે તેણીની પહેલી ગર્ભાવસ્થા દરમિયાન, અભિનેત્રીએ અભિનવને ટેગ કરતી તેના ઈન્સ્ટાગ્રામ ફીડ પર એક પોસ્ટ શેર કરી હતી, પરંતુ આ વખતે, તેણીએ તેના પતિ સાથે સહયોગ કર્યો ન હતો. અભિનેત્રીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સમાચાર શેર કર્યા પછી તરત જ, ચાહકો મૂંઝવણમાં મુકાયા અને તેમના વિચારો શેર કરવાનું શરૂ કર્યું.

# અનુપમાની 'રાહી'ની સગાઈમાં તમિલ રીતરિવાજો મુજબ વિધિઓ કરવામાં આવી



મુંબઇ,

ટીવી અભિનેત્રી અદ્રિજા રોય છેલ્લા કેટલાક મહિનાઓથી તેની સુપરહિટ સીરિયલ 'અનુપમા' માટે સમાચારમાં છે. રૂપાલી ગાંગુલી અભિનીત આ હિટ શોમાં અદ્રિજા રોય રાહીનું પાત્ર ભજવી રહી છે. આ દરમિયાન, તેણીએ સોશિયલ મીડિયા પર કેટલાક ફોટા શેર કર્યા જેનાથી તેના ચાહકો ખૂબ ખુશ થઈ ગયા. આદ્રીજા રોયે ઈન્સ્ટાગ્રામ પર તેની સગાઈના સુંદર ફોટા શેર કર્યા, જેનાથી તેના ચાહકો ખુશ થઈ ગયા. આદ્રીજાના ચાહકો લાંબા સમયથી આ ખુશખબરની રાહ જોઈ રહ્યા હતા, અને હવે અભિનેત્રી આખરે જન્મી છે, અને વપરાશકર્તાઓ તેને અભિનંદન આપી રહ્યા છે. આદ્રીજા રોયે તેના લાંબા સમયના બોયફ્રેન્ડ, વિગ્નેશ ઐયર સાથે સગાઈ કરી અને સોશિયલ મીડિયા પર સગાઈના ફોટા શેર કર્યા. આ ફોટામાં, તે સુંદર દક્ષિણ ભારતીય લુકમાં જોઈ શકાય છે. આદ્રીજા સુંદર સાડી, ગજરા અને મંદિરના ઘરેણાંમાં સુંદર લાગે છે. ફોટા પર ટિપ્પણી કરતા, ઘણા વપરાશકર્તાઓએ આદ્રીજાને અભિનંદન આપ્યા, જ્યારે અન્ય લોકોએ અભિનેત્રીને પૂછ્યું કે તે તેના લગ્નના સારા સમાચાર ક્યારે જાહેર કરશે. આદ્રીજાએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેમની સગાઈના ફોટા શેર કર્યા, તેમને કેપ્શન આપ્યું, "મેં પ્રાર્થના કરેલા પ્રેમમાં સગાઈ કરી. એક સરળ હેલોથી લઈને પવિત્ર વચન સુધી, મારા હૃદયને એક ઘર મળી ગયું છે. હું મારા પ્રેમને પ્રેમ કરું છું." ફોટા પર ટિપ્પણી કરતા, યુઝર્સ આ કપલની પ્રશંસા કરી રહ્યા છે. એકે ટિપ્પણી કરી, "કેટલું સુંદર કપલ છે." બીજાએ લખ્યું, "ઘણી બધી અભિનંદન, તમે બંને હંમેશા આ રીતે હસતા રહો." બીજા યુઝરે લખ્યું, "તમને બંનેને અભિનંદન."

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બા | મો | કુ | અં | ભા | ત | સ | ર | ણે | બ | ઇ | મ |
| ચા | ભો | દ | બ | આ | ચા | ઐ | ણ | ઓ | ગં | શિ | ઊ |
| દ | બા | બં | વિ | ચા | ર | ણા | કા | બ | અં | ક્ષ | ક્ષ |
| કા | ર | કા | દ | ચા | વ | મા | ર | મા | બિ | ક | અ |
| ક | ક | ઔ | હા | ધ | રા | ઇ | સ | ગ | દ | મ | અ |
| ગ | ક | ર | લ | ભા | બ | ક | ર | ભો | દા | વા | ક |
| તી | બં | રા | અ | બૂ | રી | ક્ષ | વા | સ | ધ | દ | સા |
| ધ | વિ | રો | ર | શિ | ક્ષ | ણ | ળો | વિ | ઉ | શિ | એ |
| બા | હિ | દા | ન | સા | ક | ક | કા | જ્ઞા | ળ | સ | ખ |
| સા | ર | ર | ડો | શિ | મ | ર | ઈ | ન | ર | ઊ | ગી |
| શિ | લ | સા | ર | કી | ગ | જ્ઞા | ક્રો | તી | મા | ગ | રી |
| ર | ળ | સ | ખ | લ | ર | સા | ગી | ભા | વા | કા | ન |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# ગૌરવ ખન્ના અને આકાંક્ષા ચમોલાના સંબંધોમાં તિરાડ પડી અભિનેત્રીએ પોસ્ટ શેર કરી



મુંબઇ,

બિગ બોસ ૧૯ ના વિજેતા ગૌરવ ખન્ના ફરી એકવાર હેડલાઈન્સમાં છે. અભિનેતાની પત્ની અને ટીવી અભિનેત્રી આકાંક્ષા ચમોલાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી, જેનાથી ગૌરવ ખન્નાના ચાહકો ચોંકી ગયા છે. આકાંક્ષાની પોસ્ટ બાદ, સોશિયલ મીડિયા યુઝર્સ પ્રશ્ન કરી રહ્યા છે કે શું તેમના વૈવાહિક જીવનમાં કોઈ સમસ્યા છે. આ પોસ્ટમાં, આકાંક્ષા ચમોલાએ સંબંધો, જરૂરિયાત અને હૃદયભંગ વિશે કંઈક લખ્યું છે, જેનાથી તેના અને ગૌરવ ખન્નાના ચાહકોના મનમાં પ્રશ્નો ઉભા થયા છે. આકાંક્ષાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક રહસ્યમય પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું, "માત્ર જરૂરિયાત પર સ્થપાયેલા સંબંધમાં, હૃદય હંમેશા બલિદાન આપવામાં આવે છે." અભિનેત્રીએ તેની પોસ્ટનું કેપ્શન આપ્યું, "જ્યારે આપણે વિચારીએ છીએ કે આપણે તૈયાર છીએ, ત્યારે આપણે નથી." આકાંક્ષાએ તેની પોસ્ટ શેર કરતાની સાથે જ, ચાહકો ટિપ્પણી વિભાગમાં ઉમટી પડ્યા, અને પૂછવા લાગ્યા કે શું તેના અને ગૌરવ વચ્ચે બધું બરાબર છે. તેની પોસ્ટે અટકળોનો માહોલ ઉભો કર્યો છે. કેટલાક લોકો સૂચવે છે કે આ પોસ્ટ તેમના સંબંધોમાં તિરાડ વિશે છે અથવા તેમની આસપાસના તાજેતરના વિવાદો વિશે તેણીનો મૌન સંદેશ છે.

આકાંક્ષા ચમોલાએ હજુ સુધી આ પોસ્ટ અંગે કોઈ સ્પષ્ટતા આપી નથી, પરંતુ ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેના અને ગૌરવ વચ્ચે કંઈક ચાલી રહ્યું છે. ગૌરવ ખન્ના બિગ બોસ ૧૯ માં આવ્યા ત્યારથી જ તેમનું અંગત જીવન સમાચારમાં છે. ખાસ કરીને, તેમણે શોમાં પિતા બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ દરમિયાન, તેમણે કહ્યું કે તેઓ પિતા બનવા માંગે છે, પરંતુ આકાંક્ષા તેના માટે તૈયાર નહોતી. આ પછી, ગૌરવ ખન્ના અને આકાંક્ષા ચમોલાનું અંગત જીવન ચર્ચાનો વિષય બન્યું.

# મહિલા આત્મનિર્ભર બને ત્યારે પરિવાર નહીં આખો સમાજ મજબૂત બને: માયાબેન લાઠીયા

## રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન યોજનાથી શિહોરનાં ગુંદાળા-ટાણા ગામનાં મહિલાના જીવનમાં આવ્યું આમૂલ પરિવર્તન




ભાવનગર,તા.૩૦


જ્યારે મહિલા આત્મનિર્ભર બને છે, ત્યારે માત્ર પરિવાર નહી પરંતુ આખો સમાજ મજબૂત બને છે'' આ શબ્દો છે શિહોર તાલુકાના ગુંદાળા-ટાણા ગામના રાધે રાધે સખી મંડળના પ્રમુખ માયાબેન લાઠીયાએ જણાવ્યું હતું તેઓ પોતાની સફળતાની વાત કરતાં કહે છે કે,મેં ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ કર્યો છે. ગૃહિણી તરીકે પરિવારની જવાબદારીઓ સાથે મર્યાદિત આવકના કારણે રોજિંદા ખર્ચ, બાળકોના શિક્ષણ તથા આરોગ્ય સંબંધિત જરૂરિયાતો પૂરી કરવી મુશ્કેલ બનતી હતી. આ સમયે મેં કૃષિ સખી તરીકે જોડાવવાનું નક્કી કર્યું ત્યાં કૃષિ સખી તરીકે સેવા આપતાં પાયલબેને સરકારની રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન (દ્વઈન્સ) યોજનામાં જોડાવા પ્રોત્સાહિત કર્યાં. આજે હું રાધે રાધે સખી મંડળના પ્રમુખ તરીકે કાર્યરત છું અને મારી સાથે ૧૦ જેટલી મહિલાઓ સ્વરોજગાર પ્રવૃત્તિમાં જોડાઈ છે.

અમારાં રાધે રાધે સખી મંડળને વધું વેગવંતુ બનાવવા દ્વઈન્સ યોજના અંતર્ગત અમે રૂ.૨ લાખની લોન મેળવી. આ નાણાકીય સહાયના આધારથી મંડળ દ્વારા ઓર્ગેનિક સાબુ, હર્બલ શેમ્પૂ તથા હેર ઓઈલનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું. હાલ મંડળ માસિક રૂ.૨૫ હજારથી વધુ આવક મેળવી રહ્યું છે અને વાર્ષિક રૂ.૩ લાખથી વધુ આવક પ્રાપ્ત કરી રહ્યું છે. માર્કેટિંગ ક્ષેત્રે રાધે રાધે સખી મંડળના કાર્ય અંગે માયાબેને કહ્યું કે,મંડળ દ્વારા ઉત્પાદિત સામગ્રીનું વેચાણ ગ્રામ હાટ, તાલુકા અને જિલ્લા કક્ષાના મેળાઓમાં કરવામાં આવે છે. સાથે સાથે આસપાસના ગામો ઉપરાંત અમદાવાદ, અમરેલી અને રાજકોટ જેવા જિલ્લાઓમાં પણ ઓર્ડર આધારીત વેચાણ કરીને ઉત્પાદન ક્ષમતા વધારવામાં આવી છે. સામાજિક અને આર્થિક પરિવર્તન અંગે તેમણે કહ્યું કે, મહિલાઓના પરિવારની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. બાળકોના શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓમાં વધારો થયો છે. મહિલાઓ આત્મનિર્ભર બનવાની સાથે અન્ય મહિલાઓને પણ સ્વરોજગાર અપનાવવાની પ્રેરણા મળી રહી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુના માર્ગદર્શનથી અમને આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલા સરસ મેળામાં ભાગ લેવાનો અવસર મળ્યો. આ મેળામાં રૂ.૧.૨૭ લાખનું વેચાણ કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમિયાન રહેવા-જમવા સહિતની તમામ સુવિધાઓ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન અંતર્ગત રચાયેલ રાધે રાધે સખી મંડળ દ્વારા બચતની ટેવ, સામૂહિક શક્તિ અને આત્મવિશ્વાસનો વિકાસ થયો છે. યોજનાના અસરકારક અમલથી ગ્રામિણ મહિલાઓના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.આ રીતે આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધેલી માયાબેન લાઠીયા આજે અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે અને વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

## જન્મદિવસ

### બ્રહ્મસમાજના અગ્રણી ભાવિનભાઈ ત્રિવેદીનો આજે જન્મ દિવસ



પરશુરામ યુવા ગ્રુપ ભાવનગર જિલ્લા મંત્રી અને જેટકો ૬૬ કેવી સબ સ્ટેશનમાં એસબીઓ તરીકે ફરજ બજાવતા સૌનાં મદદનીશ અને કર્મચારીઓનાં પ્રશ્નોને કાયમ વાચા આપવા માટે જાણીતા યુવા લડાયક નેતા તથા જેટકો કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીનાં ઉપપ્રમુખ તેમજ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા સમાજ સેવક ભાવિનભાઈ ત્રિવેદીનો આજે જન્મદિવસ છે ભાવિનભાઈ પોતાનો જન્મદિવસ તેમના સ્વ. માતૃશ્રી હંસાબહેન અને પિતા હર્ષદરાયના આશીર્વાદ મેળવી ધર્મપત્ની અંકિતાબહેન અને પુત્ર શિવાંશ સહિત પરિવાર સાથે કાશી વિશ્વનાથ મહાદેવજીનાં દર્શન કરીને ઊજવશે. તેમને જન્મ દિવસની શુભકામનાઓ આપવા ૯૪૨૬૨૨૩૪૫૧ પર સંપર્ક કરો.

# બોટાદ પોલીસે ચોરીના આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધો



તસવીર : વિપુલ લુહાર

## LCB પોલીસે સોના-ચાંદીના દાગીના સહીત રૂ.૪,૫૮,૨૦૦ નો તમામ મુદ્દામાલ કબ્જે કર્યો

બોટાદ,તા.૩૦

બોટાદ શહેરમાં ઢાંકણીયા રોડ તુલસી-૨ની બાજુમાં મારૂતીનગર-૨માં રહેણાંકી મકાનમાં કોઇ અજાણ્યો ચોર ઇસમે ઘરની દિવાલ ટપીને ઘરમા પ્રવેશ કરી ઘરના દરવાજાનો નકુચો કાપી ઘરની અંદર રાખેલ લાકડાની તિજોરીનો લોક તોડી તિજોરીના ખાનામાં રાખેલ સોના-ચાંદીના દાગીનાની ચોરીનો બનાવ બન્યો હતો.જે અંગે બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો ગુન્હો અજાણ્યા ઇસમ વિરૂધ્ધ નોંધાયેલ હતો.

ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર દ્વારા ગુન્હો ડીટેક્ટ કરી આરોપીને પકડી તમામ મુદ્દામાલ રીકવર કરવા સુચના કરવામાં આવેલ જે અંતર્ગત બોટાદ જીલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા જરૂરી સુચના આપવામાં આવેલ જેને લઈ ન્ઝ્મ્ના સ્ટાફએ તપાસ હાથ ધરેલ અને બાતમી આધારે ઘરફોડ ચોરીના આરોપી અર્જુનભાઇ ઉર્ફે કાળુ ઉર્ફે મુનો વિરમભાઇ ચીભડીયા રહે. બોટાદ વાળાના ઝડપી લઈ તેના રહેણાકેથી સોનાનો પાટી પારો નંગ -૧ રૂ. ૨,૯૫,૦૦૦ ,સોનાની હાથમાં પહેરવાની સોનાની વીટી નંગ-૨ રૂ. ૬૫,૦૦૦ ,ચાંદીના પગમાં પહેરવાના ચાંદી છડા જોડ એક (નંગ-૨)રૂ. ૫૨,૦૦૦,ચાંદીની લકી નંગ-૨ રૂ. ૪૫,૦૦૦, ચાંદીની નહોર નંગ-૧ રૂ.૧૨૦૦ મળી કુલ ૪,૫૮,૨૦૦ રૂપિયા નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ છે.

અનુ.પાના ૮નું શરૂ...

## બનાવટી એલોટમેન્ટ

કહેલ કે, હું મારા પ્લોટનં-૧૩૮ ખાતે દેખરેખ માટે આંટો મારવા ગયેલ ત્યારે આપણા પ્લોટમાં રહેણાંકી મકાનનું એડવર્ટાઇઝનું બોર્ડ મારેલ હતુ, જે બોર્ડમાં બુકીંગ સંપર્ક સાગરભાઈ ૭૭૭૭૯૯૫૬૯૪ તથા સોહીલભાઈ ૮૪૦૮૧૭૮૬૯૨ નીચે સાઈટ એડ્રેસ પ્લોટનં-૧૩૭/૧૩૮ સત્યનારાયણ સોસાયટી, હાદાનગર, ભાવનગરનુ બોર્ડ હોય મારા પ્લોટનો નંબર ૧૩૮ અને તમારા પ્લોટનં-૧૩૭ પણ છે તેમ વાત કરેલ હતી. જેથી હું પણ અમારા પ્લોટ નં. ૧૩૭ ગયેલ ત્યારે ધર્મેન્દ્રભાઈએ એડવર્ટાઇઝના બોર્ડ ઉપર જણાવેલ સાગરભાઈ નામના વ્યકિતને તેના મોબાઈલ નંબર ૭૭૭૭૯૯૫૬૯૪ ઉપર સંપર્ક કરતા તે સાગરભાઈએ જણાવેલ કે, આ બન્ને પ્લોટ અમારા છે તમારી કાંઈક ભુલ થતી હશે તેમ જણાવી તેણે ચિરાગભાઈ બીપીનભાઈ મકવાણા નામના વ્યકિતને કોન્ફરન્સમાં લીધેલ અને આ ચિરાગભાઈએ અમોને જણાવેલ કે આ પ્લોટનં-૧૩૭ તથા ૧૩૮ મારા છે અને આ પ્લોટના મારી પાસે માલીકી હકના કાગળો છે તમે મારી ઓફીસ ગઢેચી વડલા ખાતે આવેલ હોય ત્યાં આવીને જોઇ શકો છો તેમ કહેતા ધર્મેન્દ્રકુમારએ ઓફીસ જવાની ના પાડેલ હતી.

ત્યારબાદ ગઈ તા.૪/૭/૨૦૨૫ ના રોજ અમારા ઉપરોકત પ્લોટ બાબતે ન્યાયીક તપાસ થવા સારૂ હું તથા મારો દિકરો અભીજીત તથા ધર્મેન્દ્રકુમાર ચતુર્વેદી સાથે પોલીસ સ્ટેશન ખાતે અરજી આપવા જતા હતા, ત્યારે કોઈપણ રીતે ચિરાગભાઈ મકવાણાને જાણ થતા તેઓ પોલીસ સ્ટેશન બહાર આવી ગયેલ અને તેઓએ અમારા પ્લોટનં-૧૩૭ નો એલોટમેન્ટ લેટર બતાવતા તે એલોટમેન્ટ લેટર ખોટો અને ઉભો કરેલ હોય તેવુ જણાયેલ આ એલોટમેન્ટ લેટર ઉપરથી ચિરાગભાઈએ એકતાબેન બીપીનભાઈ મકવાણા તથા મીતલબેન બીપીનભાઈ મકવાણા પાસેથી પોતાના નામે પ્લોટના ફારગતી દસ્તાવેજ નં. ૬૨૧૭/૨૦૨૪ તા.૦૭/૧૦/૨૦૨૪ થી કરી લીધેલ તેમજ આ ફારગતી દસ્તાવેજમાં જરૂરીયાત મુજબનુ રૂપિયા ૫૦ નુ ખોટુ સોંગદનામું બતાવેલ અને આ તમામ દસ્તાવેજ ખોટા અને બનાવટી ઉભા કરેલા હોવાનુ અમને જણાયેલ જેથી તેમણે ચિરાગભાઈ બીપીનભાઈ મકવાણા સામે સત્યનારાયણ સોસાયટી ખાતે પ્લોટનં-૧૩૭નો દસ્તાવેજ પરથી પ્લોટનો બનાવટી એલોટમેન્ટ ઉભો કરી તેમાં પ્રમુખ મંત્રીઓનુ ખોટી સહિઓ કરી જે આધારે શેર સર્ટીફીકેટ જેવા કિંમતી દસ્તાવેજો બનાવી ઉભા કરી તથા તે દસ્તાવેજના આધારે પોતાના નામે ફારગતી દસ્તાવેજ સબ રજીસ્ટાર કચેરી ખાતે દસ્તાવેજ નંબર ૬૨૧૭/૨૦૨૪ તા.૭/૧૦/૨૦૨૪ થી નોંધ કરાવી તથા પોતાના નામના ખોટા સોંગદનામા કેરી આમ ઉપરોકત તમામ ખોટા દસ્તાવેજો ઉભા કરેલ હોય તેની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ૩૩૬-૨, ૩૩૮, ૩૩૬-૩, ૩૪૦-૨ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધારેલ અને આરોપી ચિરાગ મકવાણાને ઝડપી લીધેલ.

---

### જાહેર નોટીસ
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૬૦/૨૦૨૫**
**જ.તા.૨૦/૦૭/૧૯૭૧**

**શ્રી સલીમભાઈ મહમદહુસેનભાઈ કાપડિયા,**
**રહે. ૮૦/ક, સંઘવીનો ખાંચો, ભાવનગર.**
**મો.૯૭૨૩૪૦૪૧૦૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સલીમભાઈ મહમદહુસેનભાઈ કાપડિયાએ તેમના ભાઈ ઈકબાલભાઈ મહમદહુસેનભાઈ કાપડિયાનો જન્મ તા.૨૦/૦૭/૧૯૭૧ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૬૧/૨૦૨૫**
**જ.તા.૧૨/૦૪/૧૯૬૫**

**શ્રી શરીફાબેન હુસેનભાઈ સોલંકીતે હાસમભાઈ ઈસ્માઈલભાઈ ડેરૈયાના પુત્રી,**
**રહે. નવાપરા ચોક, પાલીતાણા, જી. ભાવનગર. મો.૯૭૨૩૪૦૪૧૦૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શરીફાબેન હુસેનભાઈ સોલંકીતે હાસમભાઈ ઈસ્માઈલભાઈ ડેરૈયાના પુત્રીએ તેમના બહેન હમીદાબેન હાસમભાઈ ડેરૈયાનો જન્મ તા.૧૨/૦૪/૧૯૬૫ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૪૭/૨૦૨૫**
**જ.તા.૦૧/૦૧/૧૯૫૫**

**શ્રી મહમદભાઈ ઈસાભાઈ ખંભાતી,**
**રહે. ખંભાતી મંજીલ, વડવા તલાવડી, કેપીટલ ઓટો પાછળ, ભાવનગર. મો.૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહમદભાઈ ઈસાભાઈ ખંભાતીએ તેમના બહેન ખતીજા ઈસાભાઈ ખંભાતીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૫ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૫૦/૨૦૨૫**
**જ.તા.૦૧/૦૧/૧૯૬૭**

**શ્રી મહમદભાઈ ઈસાભાઈ ખંભાતી,**
**રહે. ખંભાતી મંજીલ, વડવા તલાવડી, કેપીટલ ઓટો પાછળ, ભાવનગર. મો.૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહમદભાઈ ઈસાભાઈ ખંભાતીએ તેમના બહેન સારબાઈ ઈસાભાઈ ખંભાતીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૭ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૪૯/૨૦૨૫**
**જ.તા.૧૦/૦૭/૧૯૬૫**

**શ્રી મહમદભાઈ ઈસાભાઈ ખંભાતી,**
**રહે. ખંભાતી મંજીલ, વડવા તલાવડી, કેપીટલ ઓટો પાછળ, ભાવનગર. મો.૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહમદભાઈ ઈસાભાઈ ખંભાતીએ તેમના બહેન રસીદા ઈસાભાઈ ખંભાતીનો જન્મ તા.૧૦/૦૭/૧૯૬૫ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૨/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

### જાહેર નોટીસ
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૫૮/૨૦૨૫**
**જ.તા.૧૫/૦૫/૧૯૭૬**

**શ્રી ફિરદોશ કુરબાનઅલી કાદરી તે ગુલામનબી પઠાણના પુત્રી,**
**રહે. ૫૨/અ, જુનીદાલ મિલ કંપાઉન્ડ, જમનાકુંડ, ભાવનગર. મો.૯૭૨૩૪૦૪૧૦૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**
